**તેજી હોય કે પછી મંદી**

બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી, નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક

**ધી ઇકોનોમિક રેવલ્યૂશન**

**ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ**

વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in

email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi



Nirmal Metro Daily, Ahmedabad

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

RNI NO. GUJGUJ/2012/48123

# નિર્મલ મેટ્રો

તંત્રી : નરેન્દ્ર જી. જોષી

email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com

NIRMAL METRO

Thursday
09.05.2024
Year 12, Issue 119

દૈનિક

● વર્ષ : ૧૨ ● અંક : ૧૧૯ ● તા.૦૯.૦૫.૨૦૨૪ ● ગુરૂવાર ● આદ્ય સહતંત્રી : સ્વ. દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, જય મંગલ બીઆરટીએસ બસ સ્ટોપ સામે, ૧૩૨' રીંગ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મો. : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

● Year : 12 ● Issue : 119 ● Date : 09.05.2024 ● Thursday ● Editor : NARENDRA G. JOSHI ● Page - 4 ● Price : Rs. 1/- ● Annual Sub - 300.
Regd. Office : H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. ● Mo. 98250 65387


### તેલંગાણામાં જનસભાને સંબોધતાં વડાપ્રધાનનો શહેજાદા રાહુલ ગાંધીને વેધક સવાલ

# શા માટે અંબાણી-અદાણીને ગાળો આપવાનું બંધ કર્યું?

## બજારની વાત

તા.૦૮.૦૫.૨૦૨૪

**ઈન્ડેક્ષ**

**સેન્સેક્ષ**
૭૩૪૬૬.૩૯ -૪૫.૪૬
- ૦.૦૬ %

**નિફ્ટી**
૨૨૩૦૨.૫૦ ૦.૦૦
૦.૦૦ %

**કોમોડીટી**

**ક્રુડ**
૬,૫૮૨.૦૦ -૩.૦૦
- ૦.૦૫ %

**સોનું**
૭૧,૧૩૨.૦૦ -૧૬.૦૦
- ૦.૦૨ %

**ચાંદી**
૮૩,૦૧૦.૦૦ ૧૩૨.૦૦
૦.૧૬ %

**નેચરલ ગેસ**
૧૮૨.૪૦ -૧.૮૦ -૦.૯૮%

**ચલણી નાણું**

**ડોલર / રૂપિયો**
૮૪.૦૦૦૦ ૦.૪૮ ૦.૫૭ %

## તેલંગાણાની સ્થાપના સમયે અહીંના લોકોએ ભારત રાષ્ટ્ર સમિતિ (BRS) પર વિશ્વાસ કર્યો હતો, પરંતુ તેમણે લોકોનાં સપનાં તોડી નાખ્યાં : વડાપ્રધાન

એજન્સી દ્વારા

કરીમનગર, તા.૮

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કાનું મતદાન પૂરું થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેલંગાણા અને આંધ્રપ્રદેશના પ્રવાસે આવ્યા છે. વડાપ્રધાન મોદીએ તેલંગાણાના કરીમનગર જિલ્લામાં જનસભાને સંબોધિત કરતા કોંગ્રેસ પર શાબ્દિક પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે ગઈકાલે દેશમાં ત્રીજા તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ગયું છે અને કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધનનો ત્રીજો ફ્યુઝ ઉડી ગયો છે.

'તમે જોયું હશે કે કોંગ્રેસના શહેજાદા છેલ્લાં પાંચ વર્ષથી ઉઠીને 'પાંચ ઉદ્યોગપતિ, પાંચ ઉદ્યોગપતિ'ની માળા જપતા હતા. જો કે તેમનો રાફેલવાળો કેસ ગ્રાઉન્ડેડ થઈ ગયો ત્યારે તેમણે નવી માળા જપવાની શરૂઆત કરી, અંબાણી-અદાણી, અંબાણી-અદાણી, અંબાણી-



અદાણી. હવે જ્યારથી ચૂંટણી જાહેર થઈ છે ત્યારથી તેમણે અંબાણી-અદાણીને ગાળો આપવાનું બંધ કરી દીધું છે. હવે શહેજાદા જાહેર કરે કે, તેમણે અંબાણી-અદાણી પાસેથી કેટલો માલ ઉઠાવ્યો છે?' તેલંગાણાના કરીમ નગરમાં આયોજિત એક ચૂંટણી સભામાં વડાપ્રધાન મોદીએ રાહુલ ગાંધી પર આ ગંભીર આરોપ લગાવ્યા હતા.

વડાપ્રધાન મોદી આ આરોપ લગાવ્યા પછી અટક્યા ન હતા. તેમણે કહ્યું કે, 'રાહુલ ગાંધી જાહેર કરે કે, તેમણે ચૂંટણીમાં અંબાણી-અદાણી પાસેથી કેટલો માલ ઉઠાવ્યો છે કાળાં નાણાંના કેટલા બોરા ભરીને નાણાં લીધા છે? શું ટેમ્પો ભરીને કોંગ્રેસને કાળું નાણું પહોંચ્યું છે? એવો કયો સોદો થયો કે, તેમણે રાતોરાત અંબાણી-અદાણીને ગાળો આપવાનું બંધ કરી દીધું? જરૂર દાળમાં કંઈક કાળું છે. પાંચ વર્ષ સુધી અંબાણી-અદાણીને ગાળો આપી અને પછી રાતોરાત ગાળો આપવાનું બંધ કરી દીધું. તેનો અર્થ એ છે કે, જરૂર કોઈ ને કોઈ ચોરીનો માલ ટેમ્પો ભરી ભરીને તમે મેળવ્યો છે. તમારે દેશને જવાબ આપવો પડશે.' જો કે વડાપ્રધાન મોદીના આ નિવેદન અને આટલા ગંભીર આરોપ પછી એવો સવાલ થાય છે કે, અંબાણી-અદાણી વિરુદ્ધ મોદી સરકાર કોઈ કાર્યવાહી કેમ નથી કરતી? જો રાહુલ ગાંધીએ કાળાં નાણાંનો કોઈ સોદો કર્યો હોય અને વડાપ્રધાન મોદી પાસે તેની થોડી ઘણી પણ માહિતી હોય તો સરકાર ચૂપ કેમ છે? શું આ ગંભીર આરોપ છે કે ફક્ત ચૂંટણી પ્રચારની વ્યૂહનીતિ? એટલું જ નહીં, સવાલ તો એ પણ છે કે શું ઈડી ફક્ત સામાન્ય લોકોની જ તપાસ કરશે કે પછી આ પ્રકારના આરોપોને પણ ગંભીરતાથી લઈને કાર્યવાહી કરશે? વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'તેલંગાણાની સ્થાપના સમયે અહીંના લોકોએ ભારત રાષ્ટ્ર સમિતિ (BRS) પર વિશ્વાસ કર્યો હતો, પરંતુ તેમણે લોકોના સપનાં તોડી નાખ્યા. કોંગ્રેસનો પણ ઈતિહાસ આવો જ છે. આઝાદી પછી કોંગ્રેસે પણ એવું જ કર્યું હતું. દેશ ડૂબી જાય તો ડૂબી જાય, પણ તેના પરિવારને કોઈ ફરક પડતો નથી. ફેમિલી ફર્સ્ટની નીતિને કારણે કોંગ્રેસે પી.વી. નરસિમ્હા રાવનું અપમાન કર્યું. તેમના મૃત્યુ બાદ તેમના પાર્થિવ દેહને કોંગ્રેસ કાર્યાલયમાં પ્રવેશવા પણ ના દેવાયો. જો કે ભાજપ સરકારે પી. વી. નરસિમ્હા રાવને ભારત રત્નથી સન્માનિત કર્યા હતા.

વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે કોંગ્રેસ પાર્ટી એસસી, એસટી અને દલિતોનો અનામતનો અધિકાર છીનવી લેવા માંગે છે. કોંગ્રેસ મુસ્લિમ સમુદાયને તેમનું આરક્ષણ આપવા માંગે છે. કલ્યાણ સુનિશ્ચિત કરવું એ ન તો કોંગ્રેસનું વિઝન છે કે ન તો તેમનો એજન્ડા. કોંગ્રેસ માત્ર પોતાની વોટ બેંકને બચાવવા માંગે છે. આ ભ્રષ્ટ પક્ષ તુષ્ટિકરણની નીતિમાં સંપૂર્ણપણ ડૂબેલો છે.

ઉલ્લેખનીય છે કે થોડા દિવસો અગાઉ ગુજરાતના બનાસકાંઠાની એક ચૂંટણી રેલીમાં કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર શાબ્દિક પ્રહારો કર્યા હતા અને તેમને શહેનશાહ કહ્યાં હતા. જ્યારે રાહુલ ગાંધીએ ૪,૦૦૦ કિલોમીટર પગપાળા યાત્રા કરીને ખેડૂતો, ગરીબો સહિતના વિવિધ લોકોનો પ્રશ્નોને સાંભળ્યા હતા.

તસ્વીરમાં દેખાતી મીઠાઈ લેમ્ચા તરીકે ઓળખાય છે. આ મીઠાઈનો સ્વાદ એટલો અદ્ભુત છે કે તેને એકવાર ખાધા પછી દરેક તેના દીવાના થઈ જાય છે, પરંતુ તેની લંબાઈ એટલી છે કે તેને ખાતી વખતે પરસેવો પણ વળી જાય છે. આ મીઠાઈ બલિયાની પ્રખ્યાત મીઠાઈ છે.

લેમ્ચા મીઠાઈ ખૂબ સ્વાદિષ્ટ હોય છે. પરંતુ તેનું કદ લોકોને તેના તરફ આકર્ષે છે. ગ્રાહકો તેના કદથી ખૂબ પ્રભાવિત થાય છે. લેમ્ચા મીઠાઈને લંબાઈ ૭ ઈંચ હોય છે. આ મીઠાઈ દેખાવે તથા રંગેરૂપે બિલકુલ ગુલાબજાંબુ જેવી છે. તેનું વજન ઓછામાં ઓછું ૨૫૦ ગ્રામ હોય છે.

આ મીઠાઈ ખાધા પછી લોકો ખૂશ થઈ જાય છે. તેઓ મીઠાઈ પેક કરાવીને ઘરે પણ લઈ જાય છે. એટલું જ નહીં, લોકો મોટે ભાગે આ મીઠાઈને ભેટ તરીકે લે છે. આ



મીઠાઈ વિચિત્ર છે એમ કહેવામાં કોઈ સંકોચ નહીં હોય. મીઠાઈ વિચિત્ર છે એમ કહેવામાં કોઈ સંકોચ નહીં હોય.

મીઠાઈ બનાવનાર દુકાનદાર ભોલાએ જણાવ્યું કે, 'આ મીઠાઈ હું જાતે બનાવું છું. તેને બનાવવા માટે સૌ પ્રથમ, ખોવા અને ચેનાને મિશ્રિત કરવામાં આવે છે, ત્યારબાદ આ મીઠાઈને ગુલાબજાંબુ બનાવવાની પદ્ધતિનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવે છે. લેમ્ચા મીઠાઈની કિંમત ?૩૦ પ્રતિ નંગ છે.

લગભગ ૧૦ વર્ષથી આ મીઠાઈ બલિયા જિલ્લા કલેક્ટર કચેરી સ્થિત આંબેડકર ભવનની બાજુમાં આવેલા ભોલા મિસ્તાન ભંડારમાં બનાવવામાં આવે છે. ગ્રાહકોના મતે મલાઈમાંથી બનેલી ૭ ઈંચ લાંબી લેમ્ચા મીઠાઈ ખાવામાં ઘણો આનંદ આપે છે. લેમ્ચા નરમ અને ખૂબ જ સ્વાદિષ્ટ હોય છે. તે મોંમાં જતાં જ ઓગળી જાય છે. ભારે અને મોટી મીઠાઈઓને કારણે લોકોને તે ખાતી વખતે પરસેવો આવવા લાગે છે. ગ્રાહકોએ જણાવ્યું કે આ મીઠાઈની સરખામણીમાં મોટી મીઠાઈનો સ્વાદ પણ ફીક્કો લાગે છે.

# એર ઈન્ડિયા એક્સપ્રેસે અચાનક પોતાની ૭૮ ફ્લાઈટ રદ કરી

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૮

જો તમે આજે હવાઈ મુસાફરી કરવાના છો તો તમારા માટે મોટા સમાચાર છે. એર ઈન્ડીયા અને એર ઈન્ડીયા એક્સપ્રેસ એરલાઈન્સને અચાનક પોતાની ૭૮ ફ્લાઈટ રદ કરવી પડી છે તેનું મોટું કારણ છે કર્મચારીઓની ઘટ. જોકે એરલાઈન્સના ક્રૂ મેંબર્સ સામૂહિક રૂપથી બિમારીની રજા પર જતા રહ્યા છે, જેના લીધે કંપનીને આ પગલું ભરવું પડ્યું છે. ખાસ વાત એ છે કે આ કર્મચારીઓને લીવ માટે કોઈ નોટિસ પણ આપી નથી.

એર ઈન્ડીયા એક્સપ્રેસે એ જણાવ્યું કે સીનિયર ક્રૂ મેમ્બર્સ અચાનક નોટિસ લીવ પર જતાં આંતરાષ્ટ્રીય અને સ્થાનિક ઉડાનો પર અસર પડી છે. મંગળવારે રાત્રે આ વિરોધે મોટું રૂપ ધારણ કરી લીધું. જેનાથી એરલાઈન્સને ૭૮ થી વધુ ફ્લાઈટ કેન્સલ કરવી પડી છે. તેમાંથી સૌથી વધુ ફ્લાઈટો મિડલ ઈસ્ટ અને ગલ્ફ દેશો માટે છે. સાથે ઘણી ફ્લાઈટમાં મોડું થયું છે.

સમાચાર છે કે એર ઈન્ડીયા અને એર ઈન્ડીયા એક્સપ્રેસમાં વિલય થવાનું છે. જેનો કર્મચારીઓ સતત વિરોધ કરી રહ્યા છે. બંને એરલાઈન્સના પાયલોટ અને કેબિન ક્રૂને લાગે છે કે તેમની જોબ ખતરામાં છે.

એર ઈન્ડીયા એક્સપ્રેસે એક નિવેદન જાહેર કરી કહ્યું કે 'અમારા સિનિયર કેબિન ક્રૂના એક વર્ગે ગઈકાલે રાત્રે છેલ્લી મિનિટમાં બિમાર હોવાની સૂચના આપી છે. જેના કારણે ઉડાનમાં મોડું અથવા ઘણી ફ્લાઈટો રદ કરી દીધી છે. અમે આ ઘટનાઓ પાછળના કારણોને સમજવા માટે ક્રૂ મેમ્બર્સ સાથે વાત કરી રહ્યા છીએ. તો બીજી તરફ ટીમ યાત્રીઓને થનાર અસુવિધાને ઓછી કરવા માટે ઝડપથી કામ કરી રહી છે.

### મોદીના નિવેદન પર ખડગેનો વળતો પ્રહાર

# વડાપ્રધાન પોતાના જ મિત્રો પર હુમલાખોર બન્યા છે તે દર્શાવે છે કે મોદીજીની ખુરશી હલી રહી છે

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૮

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ અદાણી-અંબાણી પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદન પર વળતો પ્રહાર કર્યો છે. ખડગેએ ટ્વીટ કરીને કહ્યું, સમય બદલાઈ રહ્યો છે. મિત્ર હવે મિત્ર નથી રહ્યો! વાસ્તવમાં પીએમ મોદીએ તેલંગાણામાં રેલીને સંબોધિત કરતા રાહુલ ગાંધી પર પ્રહારો કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું હતું કે ૫ વર્ષ સુધી શહેજાદા અદાણી-અંબાણીનાં નામ જપતા હતા, પરંતુ જ્યારથી ચૂંટણી શરૂ થઈ ત્યારથી તેમણે નામ લેવાનું બંધ કરી દીધું.ખડગેએ ટ્વીટ કરીને કહ્યું, સમય બદલાઈ રહ્યો છે. મિત્ર હવે મિત્ર નથી રહ્યોપ! ચૂંટણીના ત્રણ તબક્કા પૂર્ણ થયા બાદ આજે વડાપ્રધાન પોતાના જ મિત્રો પર હુમલાખોર બન્યા છે તે દર્શાવે છે કે મોદીજીની ખુરશી હલી રહી છે. આ પરિણામોનું વાસ્તવિક વલણ છે. તેલંગાણાના કરીમનગરમાં ચૂંટણી રેલીને સંબોધતા પીએમ મોદીએ કોંગ્રેસને પૂછ્યું કે લોકસભા ચૂંટણીની તારીખ જાહેર થયા પછી અંબાણી અને અદાણીનું નામ લેવાનું કેમ બંધ કર્યું? પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસ પાર્ટીએ ચૂંટણી માટે તે ઉદ્યોગપતિઓ પાસેથી કેટલા પૈસા મેળવ્યા છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કોંગ્રેસના શહજાદા છેલ્લા ૫ વર્ષથી સવારે ઉઠતાની સાથે જ માળાનો જાપ શરૂ કરી દેતા હતા. જ્યારથી તેમનું રાફેલ વિમાન ગ્રાઉન્ડેડ થયું છે. ત્યારથી તેણે નવી માળાનો જાપ શરૂ કર્યો.

### સામ પિત્રોડાના નિવેદન મુદ્દે વડાપ્રધાન મોદીના પ્રહાર

# શહેજાદાના ગાઈડ પર ગુસ્સે છું, કાળા લોકોને ગાળ આપી

એજન્સી દ્વારા

વારંગલ, તા.૮

કોંગ્રેસ નેતા સામ પિત્રોડાએ થોડા દિવસો પહેલા 'વારસાગત ટેક્સ'ને લઈને એક ટિપ્પણી કરી હતી. જેના પર ખૂબ વિવાદ થયો હતો. આ વિવાદ હજુ પુરો થયો નથી, ત્યા હવે કોંગ્રેસ નેતાએ ભારતીય લોકોના દેખાવને લઈને એક નિવેદન આપ્યું છે. જેના પર પણ વિવાદ થયો છે. ત્યારે હવે વડાપ્રધાન મોદીએ પણ પિત્રોડાના નિવેદનને લઈને કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર આકરા પ્રહાર કર્યા છે.

તેલંગાણાના વારંગલમાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સામ પિત્રોડાના નિવેદન પર કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે 'આજે હું ખૂબ ગુસ્સામાં છું. શહેજાદાના એક અંકલે આજે એવા અપશબ્દ કહ્યા કે જેનાથી મને ગુસ્સો આવી ગયો. જે લોકો બંધારણને માથે રાખે છે તેઓ દેશની ચામડીનું અપમાન કરી રહ્યા છે.' વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વધુમાં જણાવ્યું કે, 'શહેજાદાના એક અંકલ અમેરિકામાં રહે છે. આ અંકલ શહેજાદાના ફિલોસોફિકલ ગાઈડ છે, જે ક્રિકેટમાં થર્ડ અમ્પાયર હોય છે, અને જો કોઈ મૂંઝવણ હોય તો અમ્પાયરને પૂછે છે, તેવી જ રીતે જ્યારે શહેજાદાને કોઈ મૂંઝવણ હોય ત્યારે તે થર્ડ પ્લેયર પાસેથી સલાહ લે છે. શહેજાદાના અંકલે એક મોટું રહસ્ય ખોલ્યું છે. આ અંકલે કહ્યું છે કે 'જેમની ચામડીનો રંગ કાળો છે, તે બધા આફ્રિકાના છે. આ ઉપરાંત વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુનો ઉલ્લેખ કરતા વધુમાં કહ્યું હતું કે અમારા કાર્યકાળમાં અમે આદિવાસી દીકરી દ્રૌપદી મુર્મુને રાષ્ટ્રપતિ બનાવી પરંતુ કોંગ્રેસે આનો જોરદાર વિરોધ કર્યો. હું ઘણું વિચારી રહ્યો હતો કે દ્રૌપદી જી, જે ખૂબ જ સારી પ્રતિષ્ઠા ધરાવે છે, આદિવાસી સમુદાયની પુત્રી છે. અમે તેમને રાષ્ટ્રપતિ બનાવી રહ્યા છીએ તો કોંગ્રેસ તેમને હરાવવા માટે આટલી મહેનત કેમ કરી રહી છે? હું સમજી ન શક્યો. મને લાગતું હતું કે શહેજાદા પાસે આવા જ વિચાર હશે અને તેથી જ તે વિરોધ કરી રહ્યા છે, પરંતુ આજે મને ખબર પડી કે કોંગ્રેસ પાર્ટી મૂર્મુને હરાવવા મેદાનમાં કેમ ઉતરી હતી.' વડાપ્રધાન મોદીએ ચૂંટણીના સંબોધન દરમિયાન સામ પિત્રોડા પર આકરા પ્રહાર કરતા વધુમાં કહ્યું હતું કે 'જેમની ચામડીનો રંગ કાળો છે, શું તે બધા આફ્રિકાના છે? તેઓએ ચામડીના રંગના આધારે મારા દેશના લોકોને અપશબ્દ કહ્યા છે. અરે, ચામડીનો રંગ ભલે ગમે તેવો હોય, આપણે શ્રી કૃષ્ણની પૂજા કરનારા લોકો છીએ. શહેજાદાએ જવાબ આપવો પડશે. ચામડીના રંગના આધારે મારા દેશવાસીઓનું અપમાન દેશ સહન કરશે નહીં અને મોદી તો ક્યારેય સહન કરશે નહીં. સામ પિત્રોડાએ એક વિવાદિત નિવેદન આપ્યું હતું.

# દેશભરનાં ઘણાં રાજ્યોમાં વરસાદ, આંધીની સંભાવના

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૮

ઉત્તર પ્રદેશ સહિત દેશભરના ઘણા રાજ્યોમાં વરસાદ, આંધી તોફાનની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. તેનાથી ગરમીમાં રાહત મળવાની આશા છે. પરંતુ રાજસ્થાન અને પશ્ચિમી મધ્ય પ્રદેશના વિસ્તારમાં આઠથી ૧૦ મે વચ્ચે હીટવેવ યથાવત રહેવાની છે. જ્યારે દક્ષિણના રાજ્યોમાં હીટવેવથી રાહત મળશે. પૂર્વી અને દક્ષિણ ભારતમાં ૧૧ મે સુધી ઘણા રાજ્યોમાં વરસાદ થઈ શકે છે.

છેલ્લા ૨૪ કલાકના હવામાનની વાત કરીએ તો તમિલનાડુ, તેલંગણામાં હીટવેવની સ્થિતિ જોવા મળી. તમિલનાડુ, સમુદ્રી આંધ્ર પ્રદેશ, તેલંગણા, રાયલસીમામાં વરસાદ થયો. તો પૂર્વી મધ્ય પ્રદેશ, વિદર્ભ, નોર્થઈસ્ટ ઉત્તર પ્રદેશમાં ઓલા પડશે. પાછલા દિવસોમાં સૌથી વધુ તાપમાન પશ્ચિમી રાજસ્થાનના બાડમેરમાં રેકોર્ડ થયું, જ્યાં ૪૫.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું. હવામાન વિભાગ અનુસાર પશ્ચિમ બંગાળ, સિક્કિમમાં ૯-૧૧ મે, બિહાર, ઝારખંડ, ઓડિશામાં ૯-૧૨ મે વચ્ચે હળવાથી મધ્યમ વરસાદ થશે. પૂર્વી મધ્ય પ્રદેશ, વિદર્ભ અને છત્તીસગઢમાં ૯-૧૩ મે વચ્ચે વરસાદ અને આંધી તોફાનની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. તો અરૂણાચલ પ્રદેશ, અસમ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં આગામી સાત દિવસ સુધી વરસાદ પડશે. તો પૂર્વી મધ્ય પ્રદેશ, વિદર્ભના વિસ્તારમાં આઠ અને નવ મેએ આંધીની આગાહી છે. દક્ષિણ ભારતના રાજ્યોની વાત કરીએ તો તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, આંધ્ર પ્રદેશ, યમન, રાયલસીમા, તેલંગણામાં ૯-૧૨ મે વચ્ચે હળવાથી મધ્યમ વરસાદ થવાનો છે. આંધી તોફાન અને વીજળીના કડાકાની ચેતવણી જારી કરવામાં આવી છે. તો ઉત્તર પશ્ચિમ ભારતમાં કાલે (૯ મે) એ એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બસ એન્ટ્રી કરવા જઈ રહ્યું છે જેના કારણે ઘણી જગ્યાએ હવામાન બદલાશે. હવામાન વિભાગે જણાવ્યું કે જમ્મુ-કાશ્મીર, લદાખ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશમાં ૯-૧૨ મે વચ્ચે હળવાથી મધ્યમ વરસાદ થવાનો છે.

# ભારતમાં ઉત્તર પૂર્વના લોકો ચીન દક્ષિણ આફ્રિકન જેવા લાગે છે : સેમ પિત્રોડા

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૮

ભારતની વિવિધતા વિશે વાત કરતા સામ પિત્રોડાએ કહ્યું કે ભારતમાં પૂર્વના લોકો ચાઈનીઝ જેવા દેખાય છે જ્યારે દક્ષિણના લોકો આફ્રિકન જેવા દેખાય છે. પશ્ચિમમાં રહેતા લોકો આરબો જેવા દેખાય છે.

કોંગ્રેસના નેતા સામ પિત્રોડાએ ફરી એકવાર કંઈક એવું કહ્યું છે જેનાથી વિવાદ છેડાઈ ગયો છે.

વાસ્તવમાં, ભારતની વિવિધતા વિશે વાત કરતી વખતે, સામ પિત્રોડાએ કહ્યું હતું કે ભારતમાં, પૂર્વના લોકો ચાઈનીઝ જેવા દેખાય છે જ્યારે દક્ષિણના લોકો આફ્રિકન જેવા દેખાય છે. જ્યારે પશ્ચિમના લોકો અરબી અને ઉત્તર ભારતીયો ગોરા દેખાય છે. તાજેતરમાં સામ પિત્રોડાએ વારસાગત કર પર ટિપ્પણી કરી હતી, પિત્રોડાના તે નિવેદન પર ઘણો વિવાદ થયો હતો.

સેમ પિત્રોડાએ આપેલા ઈન્ટરવ્યુમાં આ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું, 'આપણે ભારત જેવા વૈવિધ્યસભર દેશને સાથે રાખી શકીએ છીએ, જ્યાં પૂર્વના લોકો ચાઈનીઝ જેવા દેખાય છે, પશ્ચિમના લોકો આરબ જેવા દેખાય છે, ઉત્તરના લોકો ગોરા જેવા દેખાય છે અને દક્ષિણ ભારતીયો આફ્રિકન જેવા દેખાય છે. કોઈ વાંધો નથી, આપણે બધા બહેનો અને ભાઈઓ છીએ. પિત્રોડાએ જણાવ્યું હતું કે ભારતમાં વિવિધ પ્રદેશોના લોકોના રીતરિવાજો, ખોરાક, ધર્મ, ભાષા અલગ અલગ છે, પરંતુ ભારતના લોકો એકબીજાને માન આપે છે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે દેશના લોકો ૭૫ વર્ષથી ખુશહાલ વાતાવરણમાં જીવ્યા છે, થોડી લડાઈઓને છોડીને લોકો સાથે રહી શકે છે. ભાજપના નેતાઓએ પણ સામ પિત્રોડાના નિવેદન પર નિશાન સાધવાનું શરૂ કર્યું છે. પિત્રોડાના નિવેદન પર નિશાન સાધતા આસામના સીએમ હિમંતા બિસ્વા સરમાએ સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું, 'સામ ભાઈ, હું નોર્થ ઈસ્ટથી છું અને હું ભારતીય જેવો દેખાઉં છું. આપણે વૈવિધ્યસભર દેશ છીએ, આપણે જુદા દેખાઈ શકીએ છીએ, પરંતુ આપણે બધા એક છીએ. આપણા દેશ વિશે થોડું સમજો.

ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ સામ પિત્રોડાએ તાજેતરમાં વારસાઈ કરને લઈને નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે 'અમેરિકામાં એક વારસાગત ટેક્સ છે, જે હેઠળ જો કોઈ વ્યક્તિ પાસે ૧૦૦ મિલિયન ડોલરની સંપત્તિ હોય તો તેના મૃત્યુ પછી તેના બાળકોને માત્ર ૪૫ ટકા મિલકત મળે છે, બાકીની મિલકત સરકાર પાસે છે.

વારસાગત કર છે. આ એક રસપ્રદ કાયદો છે. તે કહે છે કે જો તમે સંપત્તિ બનાવી છે અને તમે દુનિયા છોડી રહ્યા છો તો તમારે તમારી સંપત્તિ જનતા માટે છોડી દેવી જોઈએ, તે બધી નહીં પરંતુ અડધી અને મને પણ લાગે છે કે તે યોગ્ય છે. સામ પિત્રોડાના નિવેદન પર ભાજપે કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું અને કહ્યું હતું કે કોંગ્રેસ લોકોની અંગત સંપત્તિ છીનવી લેવા માંગે છે. પિત્રોડાના નિવેદન પર એટલો બધો હંગામો થયો કે કોંગ્રેસ પક્ષે બચાવમાં આવવું પડ્યું.

# નિર્મલ મેટ્રો

## તંત્રીની કલમે....

જે રીતે રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રની શાળાઓને ૧ મેના રોજ બોમ્બની ધમકીના ઈ-મેઈલ મળ્યા હતા તેવી જ રીતે અમદાવાદની શાળાઓને પણ ઈ-મેઈલ મળ્યા છે. એક સપ્તાહમાં આ બીજી વખત છે જ્યારે શાળાઓને નિશાન બનાવવાની ધમકીઓ મળી છે. અગાઉ, રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં ઓછામાં ઓછી ૨૦૦ શાળાઓ નિશાના પર હતી અને સોમવારે, અમદાવાદમાં ઓછામાં ઓછી ૭-૮ શાળાઓને આતંકિત કરવાનું ષડયંત્ર રચવામાં આવેલાની ધમકી મળેલી.. દિલ્હીની જેમ અમદાવાદમાં પણ પોલીસે સંપૂર્ણ તકેદારી રાખી હતી અને કોઈપણ જોખમની આશંકાને પહોંચી વળવા તમામ વ્યવસ્થા કરી હતી. ગુજરાતમાં મતદાન થવા જઈ રહ્યું હતું ત્યારે જ અમદાવાદમાં ભય પેદા કરવાનું આ ષડયંત્ર પ્રકાશમાં આવ્યું છે. શું કોઈ આતંકવાદી સંગઠન છે જે ભારતમાં ચૂંટણી દરમિયાન કોઈ કૃત્ય કરવા માંગે છે? કે પછી ખાસ કારણોસર ભયનું વાતાવરણ ઉભું કરવા માગે છે, તે એક તપાસનો વિષય છે. ખાસ નોંધનીય છે કે આ વખતે ભારતમાં ચૂંટણી ખૂબ જ શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ રહી છે. આવી સ્થિતિમાં, શાળાઓને નિશાન બનાવવાની ધમકીની અસરો સમજવી મુશ્કેલ નથી.

સાયબર ક્રાઈમના ડેપ્યુટી પોલીસ કમિશનર, અમદાવાદે પ્રાથમિક તપાસના આધારે જે સંકેત આપ્યા છે તે મુજબ ધમકીભર્યા ઈ-મેઈલ રશિયાથી આવ્યા છે. રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રની શાળાઓને પણ રશિયા તરફથી ધમકીઓ મળી હતી. મતલબ કે ૧ મે અને ૬ મેના રોજ ધમકી આપનારા આતંકવાદીઓ એક જ જૂથના હોઈ શકે છે. અમદાવાદની શાળાઓમાં તમામ પ્રકારની સુરક્ષાની ચકાસણી કરવામાં આવી છે, પરંતુ આગામી દિવસોમાં પણ તમામ શાળાઓમાં કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવી જોઈએ. ખબર નહીં, કાયર આતંકવાદીઓ કયા દેશમાં છુપાઈને ગુનાઓ આચરે છે? જે ગુનેગારો શાળાઓને નિશાન બનાવવાનું વિચારી રહ્યા છે તેઓને વહેલી તકે પકડવા જોઈએ. કહેવાતા ડાર્ક વેબનો સંદર્ભ આપવામાં આવી રહ્યો છે, જ્યાં કોઈ છુપાયેલ હકીકત શોધવાનું ખૂબ મુશ્કેલ છે, પરંતુ કાર્ય અશક્ય નથી. ટેક્નોલોજી નિષ્ણાતોની ફરજ છે કે તેઓ ખતરાના મૂળ સ્ત્રોત સુધી પહોંચે અને ભારતના દુશ્મનોને સબક શીખવવા માટે તેમને બુકમાં લાવે. સાયબર ક્રાઈમ નિષ્ણાતો અસરગ્રસ્ત શાળાઓ સાથે ઈમેલનું વિશ્લેષણ કરવા અને તેના મૂળને શોધવા માટે નજીકથી કામ કરી રહ્યા છે. શાળાઓએ મતદાનના પ્રકાશમાં કડક સલામતી પ્રોટોકોલનો યોગ્ય રીતે અમલ કર્યો છે, જેમાં કેટલાક આગળની સૂચના સુધી શાળાઓને અસ્થાયી રૂપે બંધ કરવાનું પસંદ કરે છે. શાળાઓએ પોતાના સ્તરે સુરક્ષા અંગે સતર્ક રહેવું જોઈએ. બાળકોને ડરાવવાને બદલે તેમને સાવધ રહેવાનું શીખવવું જોઈએ. માત્ર જાગૃત સમાજ જ તેની સંપૂર્ણ સુરક્ષા સુનિશ્ચિત કરી શકે છે.જો ધમકીઓ નકલી હોય, તો પણ તે ખૂબ ગંભીર છે. સંપૂર્ણ તપાસ દ્વારા જ આશંકાઓને ઉકેલી શકાય છે. ગુપ્તચર અધિકારીઓ અને સુરક્ષા અધિકારીઓ તેમજ સાયબર નિષ્ણાતો માટે આ એક મોટો પડકાર છે. જો કોઈ વ્યક્તિ વિદેશમાં બેસીને ધમકી આપતું હોય અને અમે તેની હરકતો અટકાવી શકતા નથી, તો તેનાથી અન્ય ગુનેગારોની પણ હિંમત વધી જશે. બીજી તરફ, અમારી શાળાઓએ પણ સુરક્ષાના દૃષ્ટિકોણથી તમામ વ્યવસ્થા શીખવી પડશે. શાળામાં સીડી, કોરિડોર, બિલ્ડીંગ, વર્ગખંડ, પાણી અને વીજળીની ગુણવત્તા તપાસવી જોઈએ. સરકારોએ પણ શાળાના સંસાધનો અને સુરક્ષામાં રોકાણ વધારવાની જરૂર છે. તે મુખ્યત્વે શાળાઓની જવાબદારી છે કે તેઓ તેમના વિદ્યાર્થીઓની સુરક્ષા સાથે સમાધાન ન કરે.

# એમસીએક્સ પર ક્રૂડ તેલનો વાયદો રૂ.૧૧૭ લપસ્યો, સોના-ચાંદીના વાયદાઓમાં સીમિત રેન્જમાં સુધારો




મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૬૪,૨૦૮.૧૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૧,૩૩૩.૯૭ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૫૨૮૬૭.૬૫ કરોડનો હતો.

કિંમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૭૧,૧૬૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૧,૩૧૫ અને નીચામાં રૂ.૭૦,૯૦૧ના મથાળે અથડાઈ, રૂ.૬૮ વધી રૂ.૭૧,૨૧૬ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૯૪ વધી રૂ.૫૭,૫૨૭ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫ ઘટી રૂ.૭,૦૧૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬ વધી રૂ.૭૧,૧૯૨ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૮૨,૮૭૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮૩,૧૧૭ અને નીચામાં રૂ.૮૨,૩૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૨૨ વધી રૂ.૮૩,૦૦૦ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧૨૬ વધી રૂ.૮૨,૯૨૦ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૮૮ વધી રૂ.૮૨,૮૭૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ તાંબુ મે વાયદો રૂ.૮૬૧.૪૦ના ભાવે ખૂલી, રૂ.૧૧.૨૦ ઘટી રૂ.૮૫૩.૮૦ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૨.૪૫ ઘટી રૂ.૨૩૧.૯૦ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૫ ઘટી રૂ.૧૯૪ના ભાવ થયા હતા. જસત મે કોન્ટ્રેક્ટ રૂ.૪.૫૫ ઘટી રૂ.૨૫૮ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૪૦ ઘટી રૂ.૨૩૨.૫૦ સીસુ-મિની મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ ઘટી રૂ.૧૯૩.૭૫ જસત-મિની મે વાયદો રૂ.૪.૫૫ ઘટી રૂ.૨૫૭.૪૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ ક્રૂડ તેલ મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૫૩૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૫૪૦ અને નીચામાં રૂ.૬,૪૩૪ના મથાળે અથડાઈ, રૂ.૧૧૭ ઘટી રૂ.૬,૪૬૮ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૧૧૧ ઘટી રૂ.૬,૪૭૨ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮૫ના ભાવે ખૂલી, રૂ.૪.૭૦ વધી રૂ.૧૮૮.૯૦ અને નેચરલ ગેસ-મિની મે વાયદો ૪.૪ વધી ૧૮૮.૫ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ કોટન ખાંડી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૭,૩૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૬૦૦ અને નીચામાં રૂ.૫૭,૩૦૦ના મથાળે અથડાઈ, રૂ.૮૦ વધી રૂ.૫૭,૬૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૧૦ ઘટી રૂ.૯૩૧.૨૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કિંમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૪,૪૭૩.૩૧ કરોડનાં અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૮૪૯.૪૬ કરોડનાં વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૮૦૭.૨૩ કરોડનાં ૨૨,૮૫૨ લોટ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧,૩૧૧.૨૦ કરોડનાં ૭૫,૦૪૨ લોટ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૨૦૧.૨૫ કરોડનાં ૩,૦૪૮ લોટ સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૮.૩૩ કરોડનાં ૭૪૬ લોટ તાંબાના વાયદાઓમાં રૂ.૯૭૦.૦૬ કરોડનાં ૪,૫૩૩ લોટ અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૬૭૭.૬૮ કરોડનાં ૧૦,૦૩૮ લોટના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧.૧૧ કરોડનાં ૪ લોટ મેન્થા તેલ વાયદામાં રૂ.૪.૩૩ કરોડનાં ૧૨૯ લોટનાં કામકાજ થયાં હતાં.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૬.૫૦ કરોડનાં ૭૨ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૫૨ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૮,૦૫૫ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૮,૦૯૦ અને નીચામાં ૧૭,૯૯૦ બોલાઈ, ૧૦૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૫ પોઈન્ટ વધી ૧૮,૦૬૭ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૫૨૮૬૭.૬૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૬,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૪૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૪ અને નીચામાં રૂ.૮૬.૧૦ના મથાળે અથડાઈ, રૂ.૬૦ ઘટી રૂ.૯૬.૯૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૯.૨૫ અને નીચામાં રૂ.૬.૫૦ રહી, અંતે રૂ.૧.૯૫ વધી રૂ.૮.૩૫ થયો હતો.

સોનું મે રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૫.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૦૦ અને નીચામાં રૂ.૩૫૦ના મથાળે અથડાઈ, રૂ.૬.૫૦ ઘટી રૂ.૪૩૮ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૮.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૪૭૫ અને નીચામાં રૂ.૩૪૯.૫૦ રહી, અંતે રૂ.૪ વધી રૂ.૪૫૦ થયો હતો.

ચાંદી જૂન રૂ.૮૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૩૫૫.૫૦ના ભાવે ખૂલી, રૂ.૫ ઘટી રૂ.૨,૩૦૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૮૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨,૨૮૦ના ભાવે ખૂલી, રૂ.૬ ઘટી રૂ.૨,૧૮૭ થયો હતો. ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૬,૬૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૬૮.૩૫ ઘટી રૂ.૧૮૦ નેચરલ ગેસ-મિની મે રૂ.૧૮૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨.૫૫ વધી રૂ.૧૦.૯૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૬,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૮૮.૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૪.૮૦ અને નીચામાં રૂ.૮૭.૩૦ના મથાળે અથડાઈ, રૂ.૪૯.૭૦ વધી રૂ.૧૨૨.૨૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬.૩૫ ખૂલી, ઉપરમાં રૂ.૭ અને નીચામાં રૂ.૪.૯૫ રહી, અંતે રૂ.[illegible].૪૫ ઘટી રૂ.૫.૪૫ થયો હતો.

સોનું મે રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨૦.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૨૯ અને નીચામાં રૂ.૨૩૯.૫૦ના મથાળે અથડાઈ, રૂ.૪૨.૫૦ ઘટી રૂ.૨૯૦ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨૦.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૩૬૯.૫૦ અને નીચામાં રૂ.૨૮૦ રહી, અંતે રૂ.૩૬.૫૦ ઘટી રૂ.૨૯૦ થયો હતો.

ચાંદી જૂન રૂ.૮૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૮૬૧ના ભાવે ખૂલી, રૂ.૨૪.૫૦ ઘટી રૂ.૧,૮૮૮ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૮૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૮૨૬.૫૦ના ભાવે ખૂલી, રૂ.૩.૫૦ વધી રૂ.૧,૮૬૦ થયો હતો. ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલ દીઠ રૂ.૧૮૪.૬૦ વધી રૂ.૬૪૦ થયો હતો.

# UGVCL હેઠળ આવતા અમદાવાદની આસપાસના વિસ્તારોમાં હવે નહીં રહે વીજળીની સમસ્યા

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા.૦૮

અમદાવાદ શહેરની આસપાસ નવા ડેવલપ થયેલા વિસ્તારોમાં હવે વારંવાર લાઈટ જતી રહેતી હોવાની સમસ્યાનો ઉકેલ આવી શકે છે. આ તમામ વિસ્તારો UGVCLના કાર્યક્ષેત્રમાં આવે છે, પરંતુ ગરમીના સમયમાં છાશવારે વીજળીનો સપ્લાય ખોરવાઈ જતો હોવાથી અહીંના રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. જોકે, હવે UGVCL દ્વારા આ તમામ વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુધારીને વીજળીનો સપ્લાય નિયમિત બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. એક રિપોર્ટ અનુસાર શેલા, બોપલ અને શીલજ સહિતના વિસ્તારોમાં પાવર સપ્લાયને નિયમિત બનાવવા માટે UGVCLએ કામગીરી શરૂ કરી છે.

અમદાવાદના સાઉથ બોપલ, ઘુમા, સાંતેજ, ઓગણજ, સાયન્સ સિટી, ત્રાગડ ઉપરાંત ગાંધીનગરના રાયસણ જેવા વિસ્તારોમાં છેલ્લા પાંચ-છ વર્ષમાં ખાસ્સું ડેવલપમેન્ટ થયું છે, જેના કારણે આ વિસ્તારોમાં વીજળીની ડિમાન્ડ પણ ખૂબ જ વધી છે, પરંતુ UGVCLના કાર્યક્ષેત્રમાં આવતા આ તમામ વિસ્તારોમાં વીજળીની ભારે સમસ્યા છે.આ તમામ વિસ્તારોમાં વીજળીનો સપ્લાય નિયમિત બનાવવા માટે UGVCLએ ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ એટલે કે ગેટકો સાથે મળીને કામગીરી શરૂ કરી છે. આ મામલે બંને કંપનીના અધિકારીઓ વચ્ચે થયેલી મિટિંગમાં ટેકનિકલ ફોલ્ટને કારણે શેલા, બોપલ તેમજ શીલજ જેવા વિસ્તારોમાં વારંવાર વીજળીનો પુરવઠો ખોરવાઈ જવાની સમસ્યાને નિવારવા શું કરી શકાય તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. UGVCL અને ગેટકો આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા માટે સાથે મળીને એક્શન પ્લાન બનાવી રહ્યા છે જેના અંતર્ગત અમદાવાદની આસપાસના વિસ્તારોમાં પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બનાવવામાં આવશે. આ કામગીરીના પહેલા તબક્કામાં ચાલુ વર્ષના અંતમાં ૬૬ હાફના સાત નવા સબસ્ટેશન્સ બનાવવામાં આવશે, અને બીજા તબક્કામાં ૧૩ નવા સબસ્ટેશન્સ બનશે. આ સિવાય આ વિસ્તારોમાં વીજળીની વધતી ડિમાન્ડને ધ્યાનમાં રાખી ૨૨૦હાફનું નવું સબસ્ટેશન પણ ઉભું કરવાનો પ્લાન છે.આ ઉપરાંત UGVCL 2024ના અંતમાં પોતાની તમામ લાઈન્સ અંડરગ્રાઉન્ડ કરવા માટે પણ કામ કરી રહી છે. જેમાં ભાડજ સાયન્સ સિટીના ૨.૯૭ કિલોમીટરના પટ્ટામાં 66kVની અંડરગ્રાઉન્ડ લાઈન પાથરવામાં આવશે. તે જ રીતે સાણંદ-ઘુમાના ૧૧.૪૭ કિલોમીટરના પટ્ટાની ઓવરહેડ લાઈન્સ પણ અંડરગ્રાઉન્ડ કરાશે, તેની સાથે બોપલ-સાયન્સ સિટીની ૬.૮ કિલોમીટરની લાઈનને ચાલુ વર્ષના અંત સુધીમાં અંડરગ્રાઉન્ડ કરી દેવાશે.

એક સૂત્રના જણાવ્યા અનુસાર આ સમગ્ર કામગીરી અંતર્ગત UGVCL શેલા, બોપલ અને શીલજ વિસ્તારમાં ઓવરહેડ લાઈન્સ ધરાવતા ૨૮ ફીડર્સની લાઈનને અંડરગ્રાઉન્ડ કરી દેશે. તેનાથી ક્યારેક માનવીય ભૂલ કે પછી વરસાદ અને વાવાઝોડાંની સ્થિતિમાં વીજળીનો સપ્લાય અટવાઈ જવાની સમસ્યામાંથી છૂટકારો મળી જશે. UGVCLના એમડી અરૂણ બાબુએ જણાવ્યું હતું કે આ તમામ પગલાં વીજળીનો સપ્લાય નિયમિત કરવા માટે લેવામાં આવી રહ્યા છે. કંપનીએ ગ્રાહકો માટે ૧૯૧૨૧ હેલ્પલાઈન નંબર પણ શરૂ કર્યો છે જેના પર ગમે ત્યારે ફોન કરી શકાય છે.

# ચારે ય વેદોમાં "ઋગ્વેદ" સૌથી પ્રાચીન છે, વિષયની દ્રષ્ટિએ તે સૌથી ગહન અને મહત્વપૂર્ણ છે, કદની દ્રષ્ટિ એ તે ચારે વેદોમાં સૌથી મોટો છે અને ધર્મ, સંસ્કૃતિ તથા ભાષાશાસ્ત્રીય અભ્યાસ વિગેરેની દ્રષ્ટિએ તેનું મહત્વ સવિશેષ છે



દાદાજીની વાતો
સુરેશભાઈ ચીમનલાલ ત્રિવેદી
વતન : વાવ, જી. બનાસકાંઠા
રહેઠાણ : અમદાવાદ
સંપર્ક : ઈ મેલ – dadajinivato@gmail.com

**ઋગ્વેદની શાખાઓઃ**

ઋગ્વેદની ૨૧ શાખાઓ છે તેવા ઉલ્લેખો મળે છે. પરંતુ વર્તમાનકાળમાં શાકલ, બાષ્કલ, આશ્વલાયન, શાંખાયન અને માંન્ડુકાયન -આ પાંચ શાખાઓની જ પ્રસિદ્ધિ છે. આ પાંચમાંથી હાલ શાકલ અને બાષ્કલ એમ બે શાખાઓ જ પ્રચલિત છે અને તે બે શાખાઓની જ સંહિતાઓ ઉપલબ્ધ છે.ઋગ્વેદના પાંચ બ્રાહ્મણગ્રંથો લુપ્ત થઈ ગયા હોવાનું માનવામાં આવે છે, જેથી હાલમાં ફક્ત ત્રણ બ્રાહ્મણગ્રંથો ઉપલબ્ધ છે – શાંખાયન, કૌષીતકિ અને ઐતરેય. શાંખાયન બ્રાહ્મણ અને કૌષીતકિ બ્રાહ્મણ એ ઋગ્વેદની બાષ્કલ સંહિતાના બ્રાહ્મણો છે, જયારે ઐતરેય બ્રાહ્મણ એ ઋગ્વેદની શાકલ સંહિતાનું બ્રાહ્મણ છે.ઋગ્વેદના પ્રસીધ્ધ બ્રાહ્મણોમાં ઐતરેય બ્રાહ્મણનું સ્થાન અત્યંત મહત્વનું છે. તેના દ્રષ્ટા અથવા સંકલનકર્તા મહીદાસ ઐતરેય હતા, જે ઈતરા નામની શુદ્ર વર્ણની સ્ત્રીના પુત્ર હતા. આથી સમજી શકાય છે કે વૈદિક કાળમાં બ્રાહ્મણ કે શુદ્ર વચ્ચે કોઈ ભેદ ન હતા અને શુદ્ર પણ ઋગ્વેદના મહત્વના બ્રાહ્મણગ્રંથના દ્રષ્ટા બનેલ હતા.ઐતરેય બ્રાહ્મણમાં ચાલીશ અધ્યાય, દરેક પાંચ અધ્યાયની એક પંચીકા અને કુલ ૨૮૫ કંડિકાઓ છે. તેમાં ઋત્વિજ (ઋતુ પ્રમાણે વૈદિકકર્મ કરનાર, યજ્ઞ કરાવનાર બ્રાહ્મણ)નાં કાર્યોનું વર્ણન છે.

**ઋત્વિજ વિષે જાણવા જેવી હકીકતોઃ**

જે વિદ્વાન બ્રાહ્મણોને યજમાન દ્વારા યજ્ઞ કરાવવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, તેમને ઋત્વિજ કહે છે. શાસ્ત્રીય રીતે યજ્ઞમાં ઋત્વિજની સંખ્યા સોળ હોય છે. તેમાં ચાર મુખ્ય છે :

(૧) ઋગ્વેદ અનુસાર ક્રિયા કરાવનાર હોતા કહેવાય છે, જે ઋગ્વેદનાં સુક્તો દ્વારા દેવતાઓની સ્તુતિ કરીને તેમને નિમંત્રણ આપે છે. (૨) યજુર્વેદ અનુસાર ક્રિયા કરાવનાર અધ્વર્યુ છે, જે દેવતાઓને ઉદ્દેશી પૂજા, આહુતિ વિગેરે યજ્ઞકાર્ય સંપન્ન કરે છે.(૩) સામવેદ અનુસાર કર્મ કરાવનાર ઉદ્દગાતા છે, જે વેદમંત્રોનું ગાન કરે છે.

(૪) અથર્વવેદ અનુસાર કર્મ કરાવનાર, ચારે વેદ જાણનાર અને સમગ્ર કામની દેખરેખ રાખનાર બ્રહ્મા કહેવાય છે. યજ્ઞની રક્ષા કરવી, અન્ય ઋત્વિજો કે યજમાનની કોઈ ભૂલ થાય તો તેનું નિરાકરણ કરવું અને યજ્ઞવિધિ સારી રીતે સંપન્ન થાય તે જોવાની જવાબદારી બ્રહ્માની છે. પાપનિવારણ માટે પ્રાયશ્ચિતવિધિ એ બ્રહ્માનું કામ છે.એ ઉપરાંત મૈત્રાવરુણ, પ્રતિપ્રસ્થાતા, બ્રાહ્મણચ્છંસી, પ્રસ્તોતા, અચ્છાવાક, નેષ્ટા, આગ્નીધ્ર, પ્રતિહર્ત્તા, ગ્રાવસ્તુત્, ઉન્નેતા, પોતા અને સુબ્રહ્મણ્ય એમ બીજા બાર ઋત્વિજો પણ યજ્ઞમાં હોય છે.ઐતરેય બ્રાહ્મણના સાતમી પંચીકાના ત્રીજા અધ્યાયમાં સુપ્રસિદ્ધ એવું શુનઃશેપનું આખ્યાન આવે છે, જે અનેક ભારતીય અને ભારતેતર વિદ્વાનોને આકર્ષતું રહ્યું છે. કેટલાક વિદેશી વિદ્વાનો અહીં નરબલીની પ્રથા નિહાળે છે, જયારે અનેક ભારતીય અને વિદેશી વિદ્વાનોએ તેનું પ્રમાણ આપીને ખંડન કરેલ છે. વળી આ આખ્યાનમાં આવતો ઈન્દ્રનો ઉપદેશ કર્મનું મહત્વ સુંદર રીતે સમજાવે છેઃ

**-બેસી રહેનારો પાપી છે. કામ કરીને થાક્નારને લક્ષ્મી મળે છે. ઈશ્વર ફરનાર (કર્મ કરનાર)નો મિત્ર છે.**

**-ચરાતિ ચરતો ભગઃ -બેસનારનું નસીબ બેસે છે, ઉભા રહેનારનું ઉભું રહે છે, સુનારનું સુએ છે અને ચાલનારનું નસીબ ચાલે છે.**

આ ઉપરાંત આધુનિક કાળમાં લાગુ પડે તેવાં પણ ઘણાં ઉત્તમ વિચારબિંદુઓ ઐતરેય બ્રાહ્મણમાં આપેલાં છે, જેમકે – પત્ની સખા (મિત્ર) છે.

ઐતરેય બ્રાહ્મણનો પ્રચાર દક્ષિણ ભારતમાં હતો.

શાંખાયન બ્રાહ્મણ અને કૌષીતકિ બ્રાહ્મણનો પ્રચાર ઉત્તર ગુજરાતમાં હતો. કૌષીતકિ બ્રાહ્મણમાં ૩૦ અધ્યાય છે, જે કુલ ૨૨૬ ખંડોમાં વિભાજીત છે. વિષયની દ્રષ્ટિએ આ બ્રાહ્મણ ઐતરેય બ્રાહ્મણ સાથે ઘણું સામ્ય ધરાવે છે.

ઋગ્વેદના બે આરણ્યક ગ્રંથો ઉપલબ્ધ છેઃ ઐતરેય અને શાંખાયન. વળી કૌષીતકિ આરણ્યક હોવું જોઈએ એમ કેટલાક વિદ્વાનોનું માનવું છે, પણ તે ઉપલબ્ધ થયેલ નથી. ઐતરેય આરણ્યકમાં પાંચ આરણ્યક અને અઢાર અધ્યાય છે. તેના દ્વિતીય આરણ્યકના ચોથો, પાંચમો અને છઠ્ઠો અધ્યાય સુપ્રસિદ્ધ ઐતરેય ઉપનિષદ છે.શાંખાયન આરણ્યકમાં પંદર અધ્યાય અને ૧૩૭ ખંડ છે. વિષયની દ્રષ્ટિએ તે ઐતરેય આરણ્યક સાથે ઘણું સામ્ય ધરાવે છે. તેના ત્રીજાથી છઠ્ઠા અધ્યાયને કૌષીતકિ ઉપનિષદ કહે છે.ઋગ્વેદના ૧૦ ઉપનિષદ ગ્રંથો છે, જેમાંથી ઐતરેય ઉપનિષદ મુખ્ય ગ્રંથ છે.

**ઋગ્વેદના ભાસ્યકારોઃ**

મધ્યયુગમાં સાયણાચાર્ય,માધવ ભટ્ટ, સ્કંદસ્વામી, નારાયણસ્વામી, ઉદગીથ, વેંકટમાધવ, આનંદતીર્થ વિગેરેએ ઋગ્વેદનાં ભાસ્ય રચ્યાં છે. આમાંથી મહાવિદ્વાન સાયણાચાર્યે તો કૃષ્ણ યજુર્વેદ અને શુક્લ યજુર્વેદ સહીત ચારે વેદ ઉપર પાંચ ભાસ્યની રચના કરી છે. તે ઉપરાંત સાયણાચાર્યે ૧૩ બ્રાહ્મણો, ૨ આરણ્યકો અને ૨ ઉપનિષદો ઉપર પણ ભાસ્યો રચ્યાં છે. વૈદિક સાહિત્ય માટે આટલું વિપુલ અધ્યયન અને સઘન પરિશ્રમ કરીને વેદના જ્ઞાનની રક્ષા અને પ્રચાર-પ્રસાર કરવા માટે સાયણાચાર્યનું યોગદાન અમૂલ્ય ગણવામાં આવે છે અને તેમને વેદના મહાભાસ્યકાર ગણવામાં આવે છે. એક નોંધ લેવા જેવી વાત એ છે કે સાયણાચાર્ય પ્રકાંડ પંડિત તો હતા જ, પરંતુ સાથે સાથે વિજયનગર સામ્રાજ્યના મહાઅમાત્ય અને કુશળ સેનાપતિ પણ હતા. મધ્યયુગનાં આ સર્વે ભાસ્યો કાં તો યાજ્ઞિક છે અથવા ભક્તિપરક છે, અર્થાત કાં તો યજ્ઞની ક્રિયા અને મહત્વને ધ્યાનમાં રાખીને લખાયેલ છે અથવા પોતાના સંપ્રદાયના સિધ્ધાંતોને ધ્યાનમાં રાખીને રચાયેલ છે. પરંતુ વેદોના યથાર્થ રહસ્ય જ્ઞાનને પ્રગટ કરતાં નથી. વળી આ બધાં ભાસ્યો હસ્તલિખિત પ્રતના રૂપમાં હતાં, જેથી લોકભોગ્ય નહોતાં. વૈદિકસાહિત્ય દ્વારા વિશ્વને ઉચ્ચ પ્રકારનું જીવનોપયોગી જ્ઞાન આપનાર આપણે સૌ ભારતીયોઓને ઘણા ખેદ અને આશ્ચર્ય સાથે સ્વીકારવું પડશે કે વૈદિક સાહિત્યના આધુનિક અભ્યાસનો પ્રથમ આરંભ ભારતમાં નહિ પરંતુ વિદેશમાં થયો હતો. તેના પરિણામે કેવળ મૌખિક પરંપરાથી ઉતરી આવેલા અને ફક્ત હસ્તપ્રતો દ્વારા સચવાયેલા વેદો આપણને મુદ્રિત સ્વરૂપે મળ્યા. આમ વેદો અને અન્ય ગ્રંથો પુસ્તકરૂપે મળવા લાગ્યા અને સાધારણ જનસમાજને વૈદિકજ્ઞાનનો લાભ મળવાની શરૂઆત થઈ, તેનો યશ વિદેશી વિદ્વાનોને આપવો પડશે.

આધુનિક યુગમાં અનેક પાશ્ચાત્ય વિદ્વાનોએ વેદના ગ્રંથોનો ઊંડો અભ્યાસ કર્યો છે. ઈ.સ. ૧૮૦૫માં હેનરી થોમસ કોલ્બ્રુક નામના વિદ્વાન અને કલકત્તાની કોલેજના સંસ્કૃતના પ્રોફેસરે 'હંરી ફીદ્બટ્ટજ 'જિટ્ટષ્ઠીદ્બ ઉૈંહિજ્ઞજ 'કંરી ઉૈંહદ્બેજ' નામનો નિબંધ પ્રકાશિત કર્યો અને વિદેશી વિદ્વાનોના વેદવિષયક અભ્યાસના શ્રીગણેશ મંડાયા. ૧૮૧૬માં ફ્રેન્ઝ બોપ્પ નામના વિદ્વાને રામાયણ, મહાભારત અને વેદમાંથી કેટલાક ભાગના જર્મન અનુવાદો પ્રસિદ્ધ કર્યા. તે પછી ઓ ફ્રેંક, બેન્ફે, ફ્રેડરિક રોઝન, રોથ, મેક્સ મુલર, રેન્યે, ફેલિક્ષ નીવ, આલ્બર્ટ વેબર જેવા અનેક વિદ્વાનોએ વેદો પર કેટલાય ગ્રંથો, નિબંધો અને સંશોધનપત્રો બહાર પાડ્યા.

૧૮૬૧ થી ૧૮૬૩ સુધીમાં થીઓડોર ઔફ્રેટ નામના વિદ્વાને ઋગ્વેદની સૌ પ્રથમ અંગ્રેજી આવૃત્તિ પ્રસિદ્ધ કરી, જેનાથી અનેક જર્મન વિદ્વાનોને વેદનો અભ્યાસ કરવામાં મદદ થઈ. જો કે તે પહેલાં મેક્સ મુલરે ૧૮૪૯માં ઋગ્વેદની આવૃત્તિ પ્રકાશિત કરવાનો આરંભ કર્યો હતો, પરંતુ તે કાર્ય પૂર્ણ ૧૮૭૪માં થયું. મેક્સ મુલરે અથાક પરિશ્રમ કરીને ઋગ્વેદની સૌ પ્રથમ હિન્દી આવૃત્તિ તૈયાર કરી, જે વેદના વિદ્વાનો અને વિદ્યાર્થીઓ માટે આજે પણ આશીર્વાદરૂપ છે અને વૈદિક સાહિત્યના ઈતિહાસમાં મેક્સ મુલરનું નામ સુવર્ણાક્ષરે લખાય છે.

૧૮૭૮ થી ૧૮૮૩ સુધીમાં આબેલ

અનુસંધાન અંક નં. ૧૧૪, તા. ૪.૫.૨૦૨૪ નું ચાલુ

બર્ગેન નામના વિદ્વાને પેરિસમાં વેદ ઉપર ત્રણ ગ્રંથો રચ્યા, જેમાં પહેલીવાર વેદના શબ્દનો અર્થ વેદના જ આધારે કરીને વૈદિક ધર્મને સંપૂર્ણ અને સ્વતંત્ર ન્યાય આપવાનું કાર્ય કર્યું. કારણકે તેમના પહેલાં દરેક વિદેશી વિદ્વાનોએ તુલનાત્મક પુરાણશાસ્ત્રી તરીકે ટીકાત્મક અનુવાદ અને વિવેચન જ કર્યા હતાં.આધુનિક યુગમાં મહર્ષિ દયાનંદ સરસ્વતીએ ઋગ્વેદ અને યજુર્વેદ પર સંસ્કૃતમાં સુંદર ભાસ્યગ્રંથોની રચના કરીને વેદાર્થની યાજ્ઞિક પ્રક્રિયાની મર્યાદામાંથી બહાર નીકળીને વેદ અધ્યાત્મ વિદ્યાના ગ્રંથ છે તેવું પ્રમાણિત કરવાનો પ્રશંસનીય પ્રયત્ન કર્યો છે. જો કે દયાનંદજી પણ વેદના ગૂઢાર્થને ખોલવામાં સંપૂર્ણ સફળ થયા નથી.આધુનિક યુગમાં કરપાત્રીજી મહારાજ અને મહર્ષિ અરવિંદે પણ વેદ પર ગ્રંથો રચ્યા છે. ગિરધર શર્મા ચતુર્વેદી, પંડિત સાતવલેકર, સ્વામી ગંગેશ્વરાનંદ, શ્રીરામ શર્મા, સિદ્ધેશ્વર શાસ્ત્રી, જયદેવ વિદ્યાલંકાર, વીરેન્દ્ર શાસ્ત્રી, ક્ષેમકરણ ત્રિવેદી વિગેરે વિદ્વાનોએ પણ વેદોના ભાસ્ય અને વેદોના વિવિધ ભાષાઓમાં અનુવાદની રચનામાં મહત્વનો ફાળો આપ્યો છે. આમ છતાં વેદનાં સંપૂર્ણ રહસ્યોને છતાં કરવાનું મહાકાર્ય તો હજુ બાકી જ રહ્યું છે.

**ઋગ્વેદના પ્રસિદ્ધ મંત્રોઃ**

ઋગ્વેદમાં વેદોમાં સમાવિષ્ટ ઘણા મંત્રો આજે પણ ઘણા લોકપ્રિય છે અને આપણે બધા તેનો બહોળો ઉપયોગ પણ કરીએ છીએ. પરંતુ કદાચ આપણને એ ખબર નથી કે આ મંત્રો ઋગ્વેદના મંત્ર છે. તો ચાલો આપણે જોઈએ કે ઋગ્વેદના કયા કયા મંત્રો આપણા ચિરપરિચિત મંત્રો છે.

આ મંત્રોથી આપણે પરિચિત થઈએ તે પહેલાં તમે એ કહો કે વર્તમાનકાળમાં સૌથી વધારે બોલાતો હોય, નાના બાળકથી માંડીને મોટી ઉંમરના લોકો પણ જાણતા હોય અને આપણે રોજબરોજની જિંદગીમાં પણ અવારનવાર જેનો ઉપયોગ કરીએ છીએ તે સૌથી લોકપ્રિય સંસ્કૃત મંત્ર કયો છે ?

નિઃસંદેહ તે "ગાયત્રીમંત્ર" છેઃ

### મંત્રાલયોએ એક ચોક્કસ પ્રક્રિયા સેટ કરવાની જરૂર છે

# ભ્રામક જાહેરખબરો માટે સેલિબ્રિટીઝ પણ સમાન રીતે જવાબદાર : સુપ્રીમ કોર્ટ

એજન્સી દ્વારા

નવી દિલ્હી,તા.૦૮

ભ્રામક જાહેરખબરોના મુદ્દા પર કડક વલણ અપનાવતા સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, જે જાહેરખબરમાં સેલિબ્રિટી અને સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર્સ સામેલ હોય અને જો તે પ્રોડક્ટ કે પછી સર્વિસ ભ્રામહ હોવાનું સામે આવે તો તેના માટે સેલિબ્રિટી અને સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર્સ પણ સમાન રીતે જવાબદાર છે. પતંજલિ આયુર્વેદની ભ્રામક જાહેરખબરોના કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું હતું કે, સ્ટોપગેપ મેઝર તરીકે બ્રોડકાસ્ટર્સે કોઈપણ જાહેરખબર પ્રસારિત કરતાં પહેલા સેલ્ફ ડેક્લેરેશન ફોર્મ ફાઈલ કરવું પડશે જે જણાવે છે કે જાહેરખબરો સંબંધિત નિયમોનું પાલન કરે છે. આ પહેલા સુપ્રીમ કોર્ટે દિવસની શરૂઆતમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશનની પણ ઝાટકણી કાઢી હતી.

મંગળવારે આ કેસમાં સુનાવણી ચાલુ રાખતા જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ એ અમાનુલ્લાહની ખંડપીઠે ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલી ગાઈડલાઈન્સ ફોર પ્રિવેન્શન ઓફ મિસલીડિંગ એડવર્ટાઈઝમેન્ટ્સ એન્ડ એન્ડોર્સમેન્ટ ફોર મિસલીડિંગ એડવર્ટાઈઝમેન્ટ્સ ૨૦૨૨નો ઉલ્લેખ કર્યો હતો. જેમાં તેમણે ગાઈડલાઈન ૧૩નો ઉલ્લેખ કર્યો હતો કે વ્યક્તિ જે ઉત્પાદન અથવા સર્વિસને સમર્થન આપે છે તેની સાથે પૂરતી માહિતી અથવા અનુભવ ધરાવે છે અને ખાતરી કરે છે કે તે ભ્રામક નથી. બેન્ચે કહ્યું હતું કે, જોગવાઈઓનો હેતુ ગ્રાહકોને સેવા આપવાનો છે અને તે સુનિશ્ચિત કરવા માટે છે કે ઉપભોક્તાને બજારમાંથી ખરીદવામાં આવતા ઉત્પાદનો વિશે જાગૃત કરવામાં આવે છે, ખાસ કરીને આરોગ્ય અને ખાદ્ય ક્ષેત્રોમાં. આ સાથે સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે, સેલિબ્રિટી અને સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર્સ પણ પ્રોડક્ટ્સ અથવા સર્વિસિસને દર્શાવતી ભ્રામક જાહેરાતો માટે સમાન રીતે જવાબદાર છે.

ખંડપીઠે ભારપૂર્વક જણાવ્યું હતું કે મંત્રાલયોએ એક ચોક્કસ પ્રક્રિયા સેટ કરવાની જરૂર છે જે ગ્રાહકને ફરિયાદ નોંધાવવા માટે પ્રોત્સાહિત કરે અને પછી ખાતરી કરે કે ફરિયાદને "ફક્ત સમર્થન અથવા ચિહ્નિત કરવા" ને બદલે તેના તાર્કિક નિષ્કર્ષ પર લઈ જવામાં આવે છે. જ્યાં સુધી એવું ન થાય ત્યાં સુધી કોર્ટે બ્રોડકાસ્ટર્સને કોઈપણ જાહેરખબરો પ્રસારીત કરતાં પહેલા સેલ્ફ ડેક્લેરેશન ફોર્મ ફાઈલ કરવાનો આદેશ આપ્યો અને કહ્યું હતું કે, તેઓ કોમર્શિયલ સંબંધિત નિયમો અને કોડનું પાલન કરે છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, ટીવી બ્રોડકાસ્ટર્સ બ્રોડકાસ્ટ સર્વિસ પોર્ટલ પર ડેક્લેરેશન અપલોડ કરી શકે છે અને આદેશ આપ્યો કે પ્રિન્ટ મીડિયા માટે ચાર અઠવાડિયાની અંદર એક પોર્ટલ સેટ કરવું જોઈએ. આ સાથે સર્વોચ્ચ અદાલતે તે પણ કહ્યું હતું કે, અમે બહુ સખ્તાઈ નથી ઈચ્છતા અને અમે એડવર્ટાઈઝર્સ માટે જાહેરાત કરવી મુશ્કેલ બનાવવા માંગતા નથી. અમે ફક્ત ખાતરી કરવા માંગીએ છીએ કે ત્યાં આ એક જવાબદારી છે.

Printed, Published and Owned by NARENDRA G. JOSHI and Printed at Bhoomi Offset Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, AHMEDABAD - 380002 and published from H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. Editor- NARENDRA G. JOSHI.

# વધુ ડિજિટલ, વધુ લક્ઝુરિયસ, વધુ એફિશિયન્ટ: ન્યૂ પનામેરા

એજન્સી દ્વારા

પોર્શે પનામેરા તેની ત્રીજી મોડલ જનરેશનમાં પ્રવેશ કરી રહી છે. સ્પોર્ટ્સ કાર મેન્યુફેક્ચરરની લકઝરી સેડાન વધુ પાવરફુલ ડ્રાઈવ સિસ્ટમ્સ સાથે તેના સ્પોર્ટીંગ કેરેક્ટર પર ભાર મૂકે છે.પ્રોફાઈલને મૂળભૂત રીતે આધુનિક ઓપરેટિંગ કોન્સેપ્ટ અને ઘણી નવીન ટેકનોલોજી દ્વારા ઉન્નત કરવામાં આવી છે. ન્યૂ પનામેરાની તકનીકી છતાં ભવ્ય, ગતિશીલ ડિઝાઈન મોડેલ લાઈનના આકર્ષક પ્રમાણમાં નવી અપડેટ લાવે છે. ધરમૂળથી ફરીથી ડિઝાઈન કરાયેલ, ડ્રાઈવર-કેન્દ્રિત આંતરિક ડ્રાઈવિંગ અનુભવને વધારે છે.




પ્રેશર, ફ્યુઅલ ઈન્જેક્શન ફ્લો રેટ અને ઈગ્નીશન ટાઈમિંગ વધારવા માટેના ફેરફારો ૨.૯-લિટર ફ૬ ટર્બો એન્જિનના પ્રદર્શનને શ્રેષ્ઠ બનાવે છે તે હવે **260 kW (353 PS)** અને **500 Nm** ટોર્ક જનરેટ કરે છે - તેના પુરોગામીની સરખામણીમાં **17 kW (23 PS)** અને **50 Nm** નો વધારો. આ પનામેરાની સ્પ્રિન્ટને ૧૦૦ કિમી/કલાકથી ૫.૧ સેકન્ડ સુધી ટૂંકાવે છે અને તેની ટોપ સ્પીડને ૨૭૨ કિમી/કલાક સુધી વધારી દે છે.

# સેમસંગ ભારતમાં 2024 Neo QLED અને OLED AI ટેલિવિઝનના લોન્ચ સાથે ટીવી બિઝનેસમાંથી INR 10,000 કરોડના વેચાણની અપેક્ષા રાખે છે

એજન્સી દ્વારા

સેમસંગ, ભારતની સૌથી મોટી કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ બ્રાન્ડ, ભારતમાં તેના ટેલિવિઝન બિઝનેસ માટે તેના **AI** ટેલિવિઝનની ૨૦૨૪ લાઈનઅપની શરૂઆત સાથે **INR 10,000** કરોડના વેચાણના માઈલસ્ટોનને હાંસલ કરવાનું લક્ષ્ય ધરાવે છે. વિશ્લેષકોના મતે, ભારતમાં અત્યાર સુધી કોઈપણ ટેલિવિઝન બ્રાન્ડે આ નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કર્યું નથી.




"**AI**-સંચાલિત **8K Neo QLEDs, 4K Neo QLEDs** અને **OLED** ટીવીની અમારી નવી શ્રેણીના લોન્ચ સાથે, અમે આ વર્ષે અમારી આવક વધારવા અને ભારતમાં અમારા બજાર નેતૃત્વને વિસ્તારવામાં વિશ્વાસ ધરાવીએ છીએ. ૨૦૨૪ માં, અમે ભારતમાં અમારા ટીવી વ્યવસાયથી આવકમાં **INR** ૧૦૦૦૦ કરોડનો માઈલસ્ટોન હાંસલ કરવાનું વિચારી રહ્યા છીએ. અમારા **Neo QLED 8K** છૈં ટીવી જીવંત ચિત્રની ગુણવત્તા અને પ્રીમિયમ ઓડિયો સાથે જોવાના અનુભવનું વચન આપે છે," સેમસંગ ઈન્ડિયાના વિઝ્યુઅલ ડિસ્પ્લે બિઝનેસના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ મોહનદીપ સિંઘે જણાવ્યું હતું.

રિસર્ચ ફર્મ ઓમડિયાના ડેટાને ટાંકીને, સેમસંગે જણાવ્યું હતું કે તે ૨૦૨૩ સુધીમાં ૨૧% વોલ્યુમ માર્કેટ શેર સાથે ભારતની નંબર વન ટેલિવિઝન બ્રાન્ડ છે. સેમસંગે જણાવ્યું હતું કે ઓમડિયા અનુસાર તે છેલ્લા પાંચ વર્ષમાં ભારતમાં સૌથી મોટી ટીવી બ્રાન્ડ છે.

સેમસંગે જણાવ્યું હતું કે નવા લોન્ચ કરાયેલા **Neo QLED 8K, Neo QLED 4K** અને ગ્લાર-ફ્રી **OLED** ટીવી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ **(AI)** ની પરિવર્તનશીલ શક્તિ સાથે આવે છે, જે ગ્રાહકોની જીવનશૈલી સુધારવામાં મદદ કરે છે.

# કાર્ટૂન કોર્નર




# ભારતના સર્વ ક્ષેત્રે વિકાસની આધારશીલા - સંસ્કૃત ભાષા : ભાનુભાઈ ચૌહાણ

એજન્સી દ્વારા

સામાજીક જવાબદારીના ભાગ સ્વરૂપે સંસ્કૃતભારતી કર્ણાવતી વિભાગ દ્વારા સામાન્ય ચૂટણીમાં મતદાન કરવા માટે સંસ્કૃતમાં પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી અને ઉપસ્થિત તમામ ભાઈઓ બહેનોએ મતદાન કરવાની પ્રતિજ્ઞા સંસ્કૃત ભાષામાં લઈ સૌને વિસ્મિત કરી દીધા હતા.

સંસ્કૃત ભારતી દ્વારા આયોજિત અમદાવાદના જનપદ સંમેલનનું પ્રારંભ દીપ પ્રાગટ્ય થી થયું હતું. ત્યાર પછી સંસ્કૃત ભારતીના અમદાવાદ મહાનગરના અધ્યક્ષ શ્રી રામ કિશોર ત્રિપાઠી એ મંચસ્થ મહાનુભાવોનું પરિચય આપતા વાક્ય સુમનથી સમાગત અતિથિઓનું સ્વાગત કર્યું હતું.



તત્પશ્ચાત્ તુલસી અને પુસ્તક દ્વારા અતિથિઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તદનંતર કાર્યક્રમના અધ્યક્ષ, જગન્નાથ મંદિરના મહંત પરમ પૂજ્ય શ્રી દિલીપદાસજી મહારાજે સભામાં ઉપસ્થિત અમદાવાદ જનપદના નાગરિકોને આશીર્વાદ આપતા કહ્યું હતું કે પુસ્તક અને તુલસીને ભેટ સ્વરૂપે આપવાની પરંપરા સમાજના લોકો માટે પ્રેરક છે.તદનંતર કાર્યક્રમમાં મુખ્ય વક્તા, સંસ્કૃત ભારતીના ગુર્જર પ્રાંતના અધ્યક્ષ શ્રી કૃષ્ણપ્રસાદ નિરોલાજીએ કહ્યું હતું કે પ્રાચીન કાળમાં સમગ્ર દેશની જનભાષા સંસ્કૃત ભાષા હતી. કેવલ નગર વાસીઓ જ નહીં પણ વનવાસી જનો પણ શુદ્ધ સંસ્કૃતમાં વાર્તાલાપ કરતા હતા. આ વાતને પુષ્ટ કરતા તેમણે સીતાજીની શોધમાં રામને વનવાસી હનુમાનજીની શુદ્ધ સંસ્કૃતમાં સંવાદની પ્રશંસા કરતા શ્રીરામનું દ્રષ્ટાંત આપ્યું હતું .તેમણે એમ પણ જણાવ્યું કે દેશમાં એકમાત્ર સંસ્કૃત ભાષા જ અન્ય ભાષાના માધ્યમથી ભણાવવામાં આવે છે જે અનુચિત છે અને સંસ્કૃત ભાષામાં સંભાષણ કરવાનું સામર્થ પણ થતું નથી, માટે શિક્ષણ પદ્ધતિમાં પરિવર્તન થવું જોઈએ તેમણે લોકોને સંસ્કૃતમાં સંભાષણ કરવા માટે પ્રેરિત કર્યા હતા.

# ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચ (IAR)નો ૭મો પદવીદાન સમારોહ યોજાયો

અમદાવાદ,તા.૦૮

ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચ **(IAR)** ધ યુનિવર્સિટી ફોર ઈનોવેશન નો ૭મોં પદવીદાન સમારોહ ૬ મે ૨૦૨૪ ના રોજ સાંજે ૬:૩૦ વાગે યોજવામાં આવ્યો હતો.“આ પદવીદાન સમારંભ માં ભારતના નામાંકિત વૈજ્ઞાનિક, શિક્ષણશાસ્ત્રી તથા જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી, નવી દિલ્હીના પૂર્વ કુલપતિ પદ્મશ્રી પ્રોફેસર ડો.સુધીરકુમાર સોપોરી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા તથા દીક્ષાંત પ્રવચન આપ્યું હતું.

સદર પદવીદાન સમારંભ માં વિવિધ વિદ્યાશાખાઓ જેવી કે બાયોટેકનોલોજી એન્ડ બાયોએન્જિનિરીંગ ,કમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિરીંગ તથા બિઝનેસ એન્ડ મેનેજમેન્ટ ના કુલ ૨૩૦ વિદ્યાર્થીઓ ગ્રજયુએટ તથા પોસ્ટ ગ્રજયુએટ ડિગ્રી ગ્રહણ કરી હતી. પી.એચ.ડી. ક્ષેત્રે કુલ પાંચ વિદ્યાર્થીઓ તથા કુલ ૧૪ વિદ્યાર્થીઓ ને ગોલ્ડ મેડલ થી નવાજવામાં આવ્યા હતા.“પદવીદાન સમારંભની શરૂઆત પહેલા ઉપસ્થિત સર્વે પદવી ધારકો, વિદ્યાર્થીઓ, સમગ્ર સ્ટાફ તથા વાલીગણને ફરજીયાત મતદાન કરવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા.“આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રો વીસી અને ડાયરેક્ટર બ્રિગેડિયર પી સી વ્યાસ દ્વારા દ્વારા સમારંભના મુખ્ય મહેમાન માનનીય શ્રી પદ્મશ્રી પ્રોફેસર ડો.સુધીરકુમાર સોપોરી સહિતના મહેમાનો નું ઉષ્માભર્યું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.“

પ્રોફેસર સોપોરીએ સ્નાતકો તથા ગોલ્ડમેડાલીસ્ટોને અભિવાદન પાઠવ્યા હતા અને તેમણે જણાવ્યુ હતું કે રિસર્ચ તથા ઈનોવેશન દ્વારા કઈ રીતે દુનિયાને બદલી શકાય છે? તમારૂ રિસર્ચ લોકોપયોગી તથા સમાજને લાભદાયી હોવું જોઈએ. વધુમાં તેમણે વિજ્ઞાન અને ટેક્નોલોજી દ્વારા સમાજને કંઈક વિશેષ પ્રદાન કરવા પર ભાર મુક્યો હતો તથા વિકસીત ભારત તરફની કુચમાં પોતાનું યોગદાન આપવા જણાવ્યું હતું.

# લેન્કસેસ ઝઘડીયા ખાતે પોતાની સીએસઆર પહેલ દ્વારા ટકાઉ પરિવર્તનને આગળ ધપાવે છે

એજન્સી દ્વારા

લેન્કસેસ ગુજરાતના ઝઘડીયામાં અસંખ્ય અસરપૂર્ણ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબીલીટી (સીએસઆર) પ્રોજેક્ટસ મારફતે ટકાઉતા અને સામુદાયિક વિકાસની પોતાની પ્રતિબદ્ધતાનો પુનઃએકરાર કરે છે. કંપનીએ આ પ્રદેશમાં છેલ્લા બે-ત્રણ વર્ષોમાં શિક્ષણ, પુનઃપ્રાપ્ય ઉર્જા, વ્યાવસાયિક તાલીમ અને જળ સંચયને પોત્સાહન આપવાના હેતુથી અસંખ્ય પહેલોને અમલી બનાવી છે.

લેન્કસેસ ઝઘડીયામાં પુનઃપ્રાપ્ય ઉર્જા ઉકેલોને પ્રોત્સાહન આપવામાં એક ચાલકબળ રહી છે. આબોહવા રક્ષણના વિષય પર ભાર મુકતા કંપનીએ સોલાર પેનલ્સ અને સોલાર સ્ટ્રીટ લાઈટ્સ સમગ્ર પ્રદેશમાં



ગ્રામિણ વિસ્તારો, સરકારી શાળાઓ અને હોસ્પિટલો સહિતના મહત્ત્વના સ્થળોએ ઈન્સ્ટોલ કરી છે. આ સોલાર લાઈટીંગ પ્રોજેક્ટ્સ ફક્ત કાર્બન સ્ત્રાવમાં ઘટાડો કરે છે એટલુ જ નહી પરંતુ સમુદાયને વીજળીનો ટકાઉ સ્ત્રોત પણ પૂરો પાડે છે. આ ઉપરાંત, કંપનીએ ઝઘડીયામાં સમુદાયની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે આ પ્રદેશમાં રેનવોટર હાર્વેસ્ટીંગમાં પણ રોકાણ કર્યુ છે. તેમાં ઓળખી કઢાયેલ ગામડાઓમાંથી વરસાદી પાણી એકત્રિત કરવાનો અને ભૂજળ સ્તરોને રિચાર્જ કરવાનો સમાવેશ થાય છે. લેન્કસેસ હંમેશા ફળદાયી શીખાઉ પર્યાવરણનું સર્જન કરવામાં અને યુવા દિમાગોને સશક્ત બનાવવા પ્રતિબદ્ધ રહી છે. આ પ્રદેશમાં શિક્ષણની ગુણવત્તામાં વધારો કરવાના હેતુથી કંપનીએ ઈ-લર્નીંગ સોફ્ટવેર્સ પૂરા પાડીને ઝઘડીયામાં મ્યુનિસપલ શાળાઓને પણ ટેકો પૂરો પાડ્યો છે. આ ઈ-લર્નીંગ ટૂલ્સ વિદ્યાર્થીઓને ઈન્ટરેક્ટીવ ઈ-લર્નીંગ અનુભવ પૂરો પાડે છે અને શિક્ષણની આધુનિક વ્યવસ્થા સાથે તેનો પરિચય કરાવે છે. વધુમાં લેન્કસેસએ મ્યુનિસિપલ શાળાઓમાં સ્કુલ બેગનું પણ વિતરણ કર્યુ છે અને તે રીતે વંચિત બાળકોને પ્રાથમિક શૈક્ષણિક સવલતોમાં ઍક્સેસ પૂરો પાડે છે.

# વિશ્વ થેલેસેમિયા દિવસ નિમિત્તે શ્રી જલારામ અભ્યુદય સદભાવના ટ્રસ્ટ દ્વારા થેલેસેમિયા મેજર બાળકો માટે આનંદોત્સવ યોજાયો



એજન્સી દ્વારા

આજરોજ વિશ્વ થેલેસેમિયા દિવસ નિમિત્તે શ્રી જલારામ અભ્યુદય સદભાવના ટ્રસ્ટ દ્વારા સંચાલિત થેલેસેમિયા ડે કેર સેન્ટરમાં તમામ પ્રકારની સારવાર અને સવલતો મેળવતા થેલેસેમિયા મેજર બાળકો અને તેમના માતા-પિતા માટે આ દિવસને યાદગાર બનાવવા માટે ક્લબ બેબીલોન ખાતે આનંદોત્સવ યોજાયો. સવારે ૧૦:૦૦ કલાકે બાળકોનું આગમન થયું ત્યારબાદ નાસ્તો અને પ્રાસંગિક સમારંભ યોજાયો જેમાં થેલેસેમિયા ડે કેર સેન્ટરની વિવિધ પ્રવૃત્તિઓ અંગે સૌને માહિતગાર કરવામાં આવ્યા તથા શ્રી યોગેશભાઈ લાખાણીના માર્ગદર્શન હેઠળ માતા-પિતા બાળકો અને અન્ય સભ્યોના પ્રાસંગિક ઉદબોધનો પ્રાપ્ત થયા.

આ તબક્કે ક્લબ બેબીલોનના ચેરમેન શ્રી રઘુરામભાઈ ઠક્કરનું પણ સમગ્ર ટીમ વતી સન્માન કરવામાં આવ્યું. ક્લબ બેબીલોનમાં તમામ પ્રકારની સુવિધાઓ શ્રી અશોકભાઈ ઠક્કરના માર્ગદર્શન હેઠળ ક્લબ બેબીલોન દ્વારા આ તમામ વ્યવસ્થાઓ વિના મૂલ્ય ઉપલબ્ધ કરાવી સમગ્ર આયોજનને સ્પોન્સર કરવામાં આવેલ હતું.

આ તબક્કે વડીલ અને ચેરમેન શ્રી રઘુરામ બાપા એ પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો અને વર્ષમાં બે વખત આ જ રીતે બાળકોને આનંદ પ્રમોદ માટે ક્લબ બેબી લોનમાં આવી અને તેની સુવિધાઓનો ઉપયોગ કરવા માટે હૃદયપૂર્વકનું આમંત્રણ પાઠવ્યું હતું જેને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ.

આ તબક્કે શ્રી કિરીટભાઈ ઠક્કર, શ્રી પ્રવીણભાઈ ઠક્કર, શશીકુંજ અકાદમીના ડાયરેક્ટર સુશ્રી ભૈરવીબેન યોગેશભાઈ લાખાણી, સુશ્રી વિરાલી જય લાખાણી તથા ટીમના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ સ્વિમિંગ પૂલ ખાતે બાળકો એ પાણીની રમતોની મજા લીધી હતી, સાથે સાથે માતા-પિતાઓએ પણ ગરબાનો આનંદ લીધો હતો.

# રેલ્વેએ યૂટીએસ મોબાઈલ એપ પરથી જીઓ-ફેન્સિંગ પ્રતિબંધો હટાવ્યા

એજન્સી દ્વારા

યૂટીએસઑન મોબાઈલ એપ પશ્ચિમ રેલવેના ગૈર-ઉપનગરીય અને ઉપનગરીય ખંડ પર ઉપલબ્ધ છે. ટિકિટ મેળવવાની આ પદ્ધતિ રેલવે મુસાફરોમાં ખૂબ જ લોકપ્રિય બની છે અને વધુને વધુ લોકો આ મોબાઈલ એપનો ઉપયોગ કરી રહ્યા છે, જેના કારણે એપ દ્વારા ટિકિટના વેચાણમાં નોંધપાત્ર વધારો થયો છે. મુસાફરોની સુવિધાને વધુ વધારવા અને મુસાફરો માટે ટિકિટ બુકિંગ પ્રક્રિયાને સરળ બનાવવા માટે, ભારતીય રેલ્વેએ હવે 'યૂટીએસ ઑન મોબાઈલ એપ' પર જિયો-ફેન્સિંગ પ્રતિબંધોની બાહ્ય મર્યાદા દૂર કરી છે. આ ત્રણ 'સી' ડિજિટલાઈઝેશન પહેલનો એક ભાગ છે જેનો હેતુ કોન્ટેક્ટલેસ ટિકિટિંગ, કેશલેસ વ્યવહારો અને ટિકિટ બુક કરતી વખતે ગ્રાહકની સુવિધા અને અનુભવને પ્રોત્સાહન આપવાનો છે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી સુમિત ઠાકુરે જારી કરેલી પ્રેસ રીલીઝ મુજબ, મોબાઈલ એપ પર યૂટીએસ લોન્ચ કરવાનો મુખ્ય ઉદ્દેશ ડિજિટલ ટિકિટિંગ મોડને પ્રોત્સાહિત કરવાનો, સેલ્ફ ટિકિટિંગ પ્રોત્સાહન આપવાનો અને એ સુનિશ્ચિત કરવાનો છે કે મુસાફરો કતારોની મુશ્કેલીનો સામનો કર્યા વિના ટિકિટ ખરીદી શકે. તાજેતરમાં, રેલ્વેએ અંતર પ્રતિબંધમાં ફેરફાર કર્યો છે અને હવે મોબાઈલ એપ્લિકેશન ઓન યુટીએસ પર જીઓ-ફેન્સિંગ પ્રતિબંધની બાહ્ય મર્યાદા દૂર કરી છે. જિયો-ફેન્સિંગની બાહ્ય મર્યાદા દૂર કર્યા પછી, મુસાફરો હવે ઘરે બેસીને કોઈપણ સ્થળેથી કોઈપણ ગંતવ્ય સ્થાનની ટિકિટ બુક કરી શકશે. જો કે, મુસાફરોએ ટિકિટ બુક કર્યાના એક કલાકની અંદર સબબર્ન સોર્સ સ્ટેશનથી તથા નોન-સબર્બન ટ્રેનોના કિસ્સામાં, વ્યક્તિએ ત્રણ કલાકની અંદર ટ્રેન પકડવી પડશે. યુટીએસ ઓન મોબાઈલ એપનો ઉપયોગ કરવાનો એક વધારાનો ફાયદો એ છે કે મુસાફરોને આર-વોલેટ રિચાર્જ પર ૩% બોનસ મળશે.

# માઈક્રોન ફાઉન્ડેશન અને યુનાઈટેડ વે ઓફ હૈદરાબાદે યુઆરએએમ શિષ્યવૃત્તિ દ્વારા શિક્ષણમાં ઉત્કૃષ્ટતાને પ્રોત્સાહન આપવા માટે ભાગીદારી કરી

એજન્સી દ્વારા

માઈક્રોન ફાઉન્ડેશને ભારતની અગ્રણી ઈજનેરી સંસ્થાઓમાંથી ૬૦ તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પ્રદાન કરવા માટે યુનાઈટેડ વે ઓફ હૈદરાબાદ **(UWH)** સાથે ભાગીદારી કરી છે, જે તેમને શૈક્ષણિક શ્રેષ્ઠતા અને ઉજ્જ્વળ ભવિષ્ય તરફનો માર્ગ પ્રદાન કરે છે. આ શિષ્યવૃત્તિઓ, જે યુનિવર્સિટી રિસર્ચ એલાયન્સ માઈક્રોન (યુઆરએએમ) પહેલના ભાગ રૂપે એનાયત કરવામાં આવશે, દરેક વિદ્યાર્થીને તેમની સંભવિતતાને અનલોક કરવાની, અભ્યાસના તેમના પસંદ કરેલા ક્ષેત્રોને આગળ ધપાવવાની અને કારકિર્દીની પરિપૂર્ણ સફર શરૂ કરવાની તક મળે તે માટે મદદ કરે છે.કોમ્પ્યુટર સાયન્સ એન્જિનિયરિંગ, ઈલેક્ટ્રોનિક્સ અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ અને





ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્પ્યુટર એન્જિનિયરિંગના ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓને તેમના **B.Tech** ત્રીજા સેમેસ્ટર અને **M.Tech** (માસ્ટર ઑફ ટેક્નોલૉજી)માં સહાય કરવા માટે શિષ્યવૃત્તિઓ ખાસ કરીને તૈયાર કરવામાં આવી છે. .૬૦ પ્રાપ્તકર્તાઓમાં, ૧૬ મહિલાઓ છે, અને ૧૦ વિકલાંગ વ્યક્તિઆu **(PwD)** શ્રેણીનો ભાગ છે, જે સમાવેશીતા અને શિષ્યવૃત્તિ કાર્યક્રમ દ્વારા ઉછેરવામાં આવેલી પ્રતિભાની પહોળાઈને પ્રતિબિંબિત કરે છે.આ વિદ્યાર્થીઓ ભારતની કેટલીક અગ્રણી સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરે છે જેમાં **IIT** દિલ્હી, **IIIT** બેંગ્લોર, **IIT** ગાંધીનગર, **IIIT** હૈદરાબાદ, **BITS** પિલાની, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી કર્ણાટક, સુરતકલ, ઈન્દિરા ગાંધી દિલ્હી ટેકનિકલ યુનિવર્સિટી ફોર વુમન, **NITTrichy,** અને **JNTUH** કોલેજનો સમાવેશ થાય છે.

# ફોનપે રજૂ કરી રહ્યા છે અક્ષય તૃતીયા, ૨૦૨૪ માટે અશ્યોર્ડ કૅશબૅક ઑફર

એજન્સી દ્વારા

ભારતના અગ્રણી ફિનટેક પ્લેટફોર્મે આ વર્ષે અક્ષય તૃતીયાના આનંદી અને સમૃદ્ધ અવસર માટે આજે એક આકર્ષક ઑફરની જાહેરાત કરી છે. ૧૦મી મે ૨૦૨૪ના રોજ, યૂઝરો ફોનપે ઍપ પર ૧૦૦૦ના મિનિમમ ઑર્ડર વૅલ્યૂ પર ૨૦૦૦ સુધીનું અશ્યોર્ડ કૅશબૅક મેળવી શકે છે. આ અનન્ય ઑફર, ફક્ત ફોનપે પર જ ઉપલબ્ધ છે અને ફક્ત ૨૪ કેરેટ ડિજિટલ ગોલ્ડની એક વખતની ખરીદી પર જ લાગુ થાય છે. યૂઝરો **UPI, UPI** લાઈટ, ક્રેડિટ અને ડેબિટ કાર્ડ્સ, વૉલેટ અને ગિફ્ટ કાર્ડ્સ જેવા પેમેન્ટના વિવિધ મોડ્સ દ્વારા પેમેન્ટ કરવાનું પસંદ કરી શકે છે. યૂઝરો ૨૪ કેરેટ ડિજિટલ ગોલ્ડની એક વખતની ખરીદી પર ૨૦૦૦/- સુધીનું અશ્યોર્ડ કૅશબૅક★ મેળવી શકે છે, યૂઝરો ૧૨મી મે સુધી કેરેટલેન સ્ટોર્સ પર ડિજિટલ ગોલ્ડના રિડેમ્પશન માટે વિશેષ ઑફર્સનો પણ લાભ લઈ શકે છે.




તહેવારની આ ઉલ્લાસમાં ઉમેરો કરવા માટે, ફોનપે પાસે ૧૨મી મે સુધી કેરેટલેન સ્ટોર્સ પર ડિજિટલ ગોલ્ડ રિડેમ્પશન માટે વિશેષ ઑફર પણ છે. આ ઓફરની ખાસિયત આ પ્રમાણે છે:

સોનાના સિક્કા પર ૨% વધારાનું ડિસ્કાઉન્ટ, અનસ્ટડેડ જ્વેલરી પર ૪% વધારાનું ડિસ્કાઉન્ટ,સ્ટડેડ જ્વેલરી પર ૧૦% વધારાનું ડિસ્કાઉન્ટ ફોનપે કેરેટલેન, સેફગોલ્ડ અને **MMTC-PAMP,** ડિજિટલ ગોલ્ડ ઈકોસિસ્ટમના કેટલાક અગ્રણી અને વિશ્વસનીય ખેલાડીઓમાંથી એક હોવાને કારણે સૌથી વધુ શુદ્ધતાવાળું સોનું ઑફર કરે છે. જ્યારે **PhonePe** ઍપ પર ડિજિટલ ગોલ્ડ ખરીદવાના વિવિધ ફાયદા છે, તેમાંના કેટલાક મુખ્ય ફાયદા નીચે આપ્યા છે:

ઉચ્ચતમ શુદ્ધતાની ખાતરી: ગ્રાહકો **PhonePe** પર ભાગીદારો દ્વારા ઓફર કરવામાં આવે તે પ્રમાણે ૯૯.૯૯% શુદ્ધતાવાળું પ્રમાણિત ૨૪ કેરેટ ડિજિટલ ગોલ્ડ ખરીદી શકે છે.

# ટાટા મોટર્સ દ્વારા તેના લખનૌ એકમમાંથી ૯ લાખમું વાહન બહાર પડાયું તેની ઉજવણી કરાઈ

એજન્સી દ્વારા

ભારતની સૌથી વિશાળ કમર્શિયલ વાહનની ઉત્પાદક ટાટા મોટર્સ દ્વારા તેના અત્યાધુનિક એકમમાંથી તેનું ૯ લાખમું વાહન બહાર પાડવાની મહત્ત્વપૂર્ણ સિદ્ધિ પાર પાડી હોવાની ઘોષણા કરવામાં આવી. આ ઉજવણીમાં ઉત્તર પ્રદેશ સરકારના ચીફ સેક્રેટરી શ્રી દુર્ગા શંકર મિશ્રા અને ટાટા મોટર્સના વરિષ્ઠ મોવડીઓની એકમ ખાતે હાજરીમાં વાહનને લીલી ઝંડી બતાવવામાં આવી હતી.૬૦૦ એકરમાં પથરાયેલું લખનૌ એકમ સક્ષમ ઉત્પાદન વ્યવહારો પ્રત્યે ટાટા મોટર્સની કટિબદ્ધતાનો દાખલો છે, જેને કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (સીઆઈઆઈ) દ્વારા જળ હકારાત્મક એકમ તરીકે માન્યતા આપવામાં આવી છે. એકમમાં ૬ મેગાવેટ સોલાર પાવર પ્લાન્ટ છે, જે તેનું કાર્બન ઉત્સર્જન નોંધપાત્ર રીતે ઓછું કરે છે.

એકમમાં અત્યાધુનિક વાહન ઉત્પાદન મથકો, જેમ કે, રોબોટિક પેઈન્ટ બૂથ અને રોબોટિક સ્પોટ વેલ્ડિંગ સાથે



બોડી-ઈન-વ્હાઈટ શોપ વગેરેનો સમાવેશ થાય છે. ૧૯૯૨માં આરંભથી એકમે લાઈટ, ઈન્ટરમિજિયેટ, મિડિયમ અને હેવી કમર્શિયલ વેહિકલ્સ સહિત કાર્ગો અને પેસેન્જર કમર્શિયલ વાહનો તેમ જ ઈલેક્ટ્રિક અને ફ્યુઅલ સેલ ઈલેક્ટ્રિક બસો બહાર પાડવામાં આવી છે.

ટાટા મોટર્સના લખનૌ એકમમાંથી ૯ લાખમું વાહન બહાર પડાયું તે વિશે બોલતાં ઉત્તર પ્રદેશ સરકારના ચીફ સેક્રેટરી શ્રી દુર્ગા શંકર મિશ્રાએ જણાવ્યું હતું કે, “આ નોંધપાત્ર સિદ્ધિ સુધી પહોંચવા માટે ટાટા મોટર્સની હું સરાહના કરું છું. આ સિદ્ધિ વર્તમાન અને ભાવિ આવશ્યકતાઓને પહોંચી વળવા માટે આધુનિક, સુરક્ષિત અને હરિત મોબિલિટી સમાધાન પૂરા પાડવામાં ટાટા મોટર્સની મહત્ત્વપૂર્ણ ભૂમિકા અધોરેખિત કરે છે.

# ડિઝની હોટસ્ટાર ઉપર ફ્રીમાં જોઈ શકાશે T20 વર્લ્ડ કપની તમામ મેચ

નવી દિલ્હી, તા.૮

ક્રિકેટ પ્રેમીઓ માટે કામના સમાચાર છે. ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ શરૂ થવાને એક મહિનાથી પણ ઓછો સમય બાકી રહ્યો છે. મોટા ભાગના દેશો આ ટુર્નામેન્ટ માટે પોતાની ટીમ જાહેર કરી ચુક્યા છે. આ વખતે આ ટુર્નામેન્ટ અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં રમાશે. અમેરિકાને કોઈ આઈસીસી ટુર્નામેન્ટની યજમાની આપવામાં આવી હોય તેવો આ પ્રથમ મોકો છે.ગત વર્ષે વન ડે વર્લ્ડકપ ફાઈનલમાં મળેલી હાર બાદ ભારતીય ફેંસ રોહિત શર્મા એન્ડ કંપનીને ટી૨૦ વર્લ્ડકપ ટ્રોફી ઉઠાવતાં જોવા આતુર છે. ક્રિકેટ ફેંસ માટે સારા સમાચાર છે કે બ્રોડકાસ્ટર્સે ભારતીય ફેંસ માટે ટી૨૦ વર્લ્ડકપ ફ્રીમા બતાવવાનો ફેંસલો કર્યો છે. ટી૨૦ ક્રિકેટ વર્લ્ડકપ ૨૦૨૪નુ ફ્રી સ્ટ્રીમિંગ ડીઝની હોટસ્ટાર પર થશે. આ માટે તમારે સબસ્ક્રીપ્શન



લેવાની જરૂર નથી. તમે ફ્રીમાં મેચનો આનંદ ઉઠાવી શકશો. ટીવી પર તમે સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક પર મેચનો આનંદ લઈ શકશો. ડિઝની હોટસ્ટારના વડા સજિત શિવાનંદે કહ્યું કે, દરેક લોકો મેચ જોઈ શકે તે માટે અમે **ICC T20** વર્લ્ડ કપ મોબાઈલ પર ફ્રીમાં બતાવવાનું નક્કી કર્યું છે. આ રમત દેશના દરેક ખૂણે પહોંચવી જોઈએ અને ક્રિકેટ પ્રેમી કોઈપણ ક્ષણ ચૂકવા ન જોઈએ. ૨ જૂનથી શરૂ થનારી ટૂર્નામેન્ટની ફાઈનલ મેચ ૨૯ જૂને રમાશે. ટૂર્નામેન્ટમાં પ્રથમ વખત ૨૦ ટીમો ભાગ લેશે. ભારત તેનો પ્રથમ મુકાબલો આયરલેંડ સામે ૫ જૂને રમશે. ટીમ ઈન્ડિયા બીજો મુકાબલો પાકિસ્તાન સામે ૯ જૂને રમશે. ગત વખતે ઓસ્ટ્રેલિયામાં રમાયેલ ટી૨૦ વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ ચેમ્પિયન બન્યું હતું.ગયા વર્ષે ભારતમાં આયોજિત **ODI** વર્લ્ડ કપ દરમિયાન, સ્ટ્રીમિંગમાં ઘણા દર્શકોના રેકોર્ડ તૂટી ગયા હતા. ગયા વર્ષે, જ્યારે **ODI** વર્લ્ડ કપનું લાઈવ સ્ટ્રીમિંગ ફ્રી કરવામાં આવ્યું હતું, ત્યારે દર્શકોનો રેકોર્ડ પાંચ વખત તૂટી ગયો હતો. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ફાઈનલ મેચ દરમિયાન એક સમયે ૫.૯ કરોડ લોકો હોટ સ્ટાર પર સ્ટ્રીમિંગ જોઈ રહ્યા હતા, જે એક રેકોડ છે. **ICC T20** વર્લ્ડ કપ ૨૦૨૪ માટે ટીમ ઈન્ડિયાની નવી જર્સી લોન્ચ કરવામાં આવી છે. ચાહકો લાંબા સમયથી **ICC T20** વર્લ્ડ કપ ૨૦૨૪ માટે ભારતની જર્સી રિલીઝ થવાની આશા રાખી રહ્યા હતા.



અમદાવાદ શહેરમાં હાલ કાળઝાળ ગરમી પડી રહી છે. બપોરના સમયે લોકો છત્રી લઈને બહાર નીકળે છે.

# ગુરૂવારે જાહેર થશે ધોરણ-૧૨નું પરિણામ : સવારે ૯:૦૦ વાગ્યે બોર્ડની વેબસાઈટ ઉપર બંને પરિણામ ઉપલબ્ધ હશે

પ્રતિનિધિ દ્વારા

ગાંધીનગર,તા.૦૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ આવતીકાલે એટલે કે ૯ મે ગુરૂવારના રોજ જાહેર કરવામાં આવશે. આવતીકાલે સવારે ૯:૦૦ વાગે બોર્ડની વેબસાઈટ ઉપર બંને પરિણામ ઉપલબ્ધ હશે. વિદ્યાર્થીઓ વેબસાઈટથી તેમનું પરિણામ જોઈ શકશે. માર્ચ ૨૦૨૪માં લેવાયેલી પરીક્ષાઓમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧.૧૧ લાખ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૩.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.ગુજરાત બોર્ડની પરીક્ષાનું પરિણામ જાણવા માટે વિદ્યાર્થીઓએ બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર જઈને તેને જોવું પડશે. આ માટે વિદ્યાર્થીઓએ વેબસાઈટ પર જવાનું રહેશે અને બાદમાં ત્યાં પોતાનો બેઠક ક્રમાંક નાખીને એન્ટર બટન દબાવવાનું રહેશે. આ સાથે જ તેમનું પરિણામ જાણવા મળશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ વોટ્સએપ પર પણ પોતાનું રિઝલ્ટ જોઈ શકે છે. જેના માટે વિદ્યાર્થીએ ૬૩૫૭૩૦૦૯૭૧ નંબર પર પોતાનો બેઠક ક્રમાંક લખીને મોકલવાનો રહેશે.

જોકે, વિદ્યાર્થીઓને આવતીકાલે એટલે કે ૯મી મેએ માર્કશિટ નહીં આપવામાં આવે. વિદ્યાર્થીઓ ફક્ત ઓનલાઈન જ તેમનું રિઝલ્ટ જોઈ શકશે. પરિણામ જાહેર થયા બાદ વિદ્યાર્થીઓની માર્કશીટ, પ્રમાણપત્રો ક્યારે આપવામાં આવશે અને વિદ્યાર્થીઓ ક્યારે સ્કૂલમાંથી પોતાની માર્કશીટ મેળવી શકશે તેની જાહેરાત પછીથી કરવામાં આવશે. પરીક્ષાની ગુણચકાસણી, નામમાં સુધારો, અસ્વીકાર અને રિચેકિંગ અંગેની જરૂરી સચૂનાઓ પણ પછીથી જાહેર કરવામાં આવશે. બોર્ડ દ્વારા એક પરિપત્ર જાહેર કરીને તેની જાણ કરવામાં આવશે. તે મુજબ વિદ્યાર્થીઓ પોતાની સ્કૂલમાંથી માર્કશીટ મેળવી શકશે. ગુજરાત બોર્ડ દ્વારા પરિણામ થોડું વહેલું જાહેર કરવામાં આવ્યું હોત. પરંતુ બોર્ડ દ્વારા પહેલાથી જ જણાવવામાં આવ્યું હતું કે ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટેના મતદાન બાદ બોર્ડના પરિણામો જાહેર કરવામાં આવશે. ગુજરાતમાં લોકસભાની તમામ બેઠકો માટે ૭મી મેના રોજ મતદાન થયું હતું. તેના એક દિવસ બાદ બોર્ડે ધોરણ ૧૨ના પરિણામની તારીખ જાહેર કરી છે.

# સુરતના વેપારીને જર્મનીની કંપની પાસેથી માલ મંગાવવો મોંઘો પડ્યો, લાગ્યો ૧.૭૬ કરોડનો ચૂનો

પ્રતિનિધિ દ્વારા

સુરત,તા.૦૮

હાલના સમયમાં ઓનલાઈન છેતરપિંડી અને ઠગાઈની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે તેવામાં સુરતના એક વેપારી ૧.૫ કરોડ રૂપિયા કરતાં પણ વધારેની છેતરપિંડીનો ભોગ બન્યા છે. સુરતના આ વેપારી સાથે આંતરરાષ્ટ્રીય ઓનલાઈન છેતરપિંડી કરીને ૧.૭૬ કરોડ (૨,૧૩,૫૬૧ ડોલર)નો ચૂનો લગાવવામાં આવ્યો છે. સુરતના ૪૯ વર્ષીય નવનીતલાલ નાનાવેલાવાળા એક વેપારી છે અને તેમણે જર્મનીની કંપની લેન્કોક્સ+ક્રીસ જીએમબીએચ **(Lacroix + Kress GmbH)** પાસેથી તાંબાના વાયર મંગાવ્યા હતા. તેમણે આ માટે પેમેન્ટ કરી દીધું હતું પરંતુ કંપનીએ પેમેન્ટ મળ્યાનો ઈનકાર કર્યો હતો.આ કેસની વિગતો જોઈએ તો નાનાવેલાવાળા નાનાફ્લેક્સ વાયર્સ નામની તાંબાના વાયર બનાવતી કંપનીના માલિક છે. તેમને તાંબાના ખાસ વાયરની જરૂર હતી તેથી તેમના પરિચિત મયુર પારેખે તેમને આ વર્ષે ૧૩ ફેબ્રુઆરીના રોજ આંતરરાષ્ટ્રીય વાયર મેન્યુફેક્ચરિંગ કંપનીઓના કેટલાક મેઈલ આઈડી આપ્યા હતા. મયુર પારેખે જે કંપનીઓના મેઈલ આઈડી આપ્યા હતા તેમાં લેન્કોક્સ+ક્રીસ જીએમબીએચ નામની કંપની પણ હતી. આ કંપની જર્મનીની હતી. નાનાવેલાવાળાએ આ કંપનીના ત્રણ મેઈલ આડી પર ઈમેલ કર્યો હતો જેમાં તેમણે જણાવ્યું હતું કે તેમને **8mm** ડાયામીટરના કોપર રોડની જરૂર છે ત્યારબાદ તેમને માઈક નામના શખ્સે નાનાવેલાવાળાને તેમની જે જરૂરીયાત હતી તે માટેનું ક્વોટેશન મોકલ્યું હતું. નાનાવેલાવાળાએ બાદમાં ૨૫ ટન કોપરનો ઓર્ડર આપ્યો હતો. જોકે, આ સોદા માટે કંપનીએ એક શરત મૂકી હતી કે તેમણે માલનું ૧૦૦ ટકા પેમેન્ટ એડવાન્સમાં કરવું પડશે. નાનાવેલાવાળાએ આ શરત માન્ય રાખી હતી. માઈકે ત્યારબાદ નાનાવેલાવાળાને જાણ કરી હતી કે તેમનું શિપમેન્ટ ૧૩ માર્ચના રોજ નેધરલેન્ડ્સના રોટરડેમથી ડિસ્પેચ થશે અને ૩૦ એપ્રિલ સુધીમાં તે મુંબઈના ન્હવ્વ ખાતે પહોંચી જશે. ૨૬ ફેબ્રુઆરીએ એક શખસે એક મેઈલ આડી પરથી નાનાવેલાવાળાની કંપનીને એક ઈનવોઈસ મોકલ્યું હતું જેમાં તેમને ૨,૧૩,૫૬૧ ડોલરનું પેમેન્ટ કરવાનું કહેવામાં આવ્યું હતું. આ પેમેન્ટ જર્મનીના હેનોવર શહેરમાં કોમર્ઝબેંકના એકાઉન્ટમાં કરવા માટે કહેવામાં આવ્યું હતું.

ટૂંક સમયમાં જ નાનાવેલાવાળાને અન્ય એક આઈડી પરથી મેઈલ મળ્યો હતો જેમાં તેમને જે પેમેન્ટ કરવાનું હતું તેની વિગતો બદલાયેલી હતી. નવા મેઈલમાં નાનાવેલાવાળાને પોર્ટુગલના પોર્ટો શહેરની કેઈક્સા જનરલ ડિપોઝિટોઝ નામની બેંકના એકાઉન્ટમાં પેમેન્ટ કરવાનું કહેવામાં આવ્યું હતું. બેંક એકાઉન્ટની વિગતો બદલાઈ જતાં નાનાવેલાવાલાએ તેની પુષ્ટિ કરવા માટે લાર્સને વોટ્સએપ કોલ કર્યો હતો. બાદમાં તેમને કંપનીના સ્ટેમ્પ સાથે બેંકની વિગતો સાથેનો **CEO** લેટર પણ મોકલવામાં આવ્યો હતો ત્યારબાદ તેમણે ૨૯ ફેબ્રુઆરીએ પોર્ટુગલના બેંક એકાઉન્ટમાં પ્રથમ ૨.૨૯ લાખ **(2,739 USD)** ટ્રાન્સફર કર્યા હતા. ૪ માર્ચે લાર્સ અને ત્યારપછીના દિવસે ૫ માર્ચે માઈકે કન્ફર્મ કર્યું હતું કે તેમને પેમેન્ટ મળી ગયું છે, ત્યારબાદ ૬ માર્ચના રોજ માઈકે બાકી રહેલી રકમનું પેમેન્ટ કરવા માટે એક મેઈલ મોકલ્યો હતો.

જોકે, આ વખતે નાનાવેલાવાળાને તે જ બેંકના અન્ય એક એકાઉન્ટમાં તે પેમેન્ટ કરવા માટે કહેવામાં આવ્યું હતું. હવે નાનાવેલાવાળાને થોડી શંકા ગઈ હતી કે દાળમાં કંઈક કાળું છે. તેમણે માઈકને જાણ કરી હતી કે સતત બેંક એકાઉન્ટ બદલાઈ રહ્યા હોવાના કારણે તેઓ પોતાના બાકીના પેમેન્ટને લઈને ચિંતિત છે. માઈકે તેમને તે કહીને વિશ્વાસ અપાવ્યો હતો કે આ નવું બેંક એકાઉન્ટ ફાઈનલ છે અને હવે કોઈ ફેરફાર થશે નહીં. માઈકની વાતોમાં વિશ્વાસ રાખીને નાનાવેલાવાળાએ નવા બેંક એકાઉન્ટમાં ૧.૭૪ કરોડ રૂપિયા (૨,૧૦,૮૨૨ અમેરિકન ડોલર) ટ્રાન્સફર કર્યા હતા.

જોકે, તેમને માઈક તરફથી એક મેઈલ આવ્યો હતો કે તેમણે કરેલું પેમેન્ટ રિજેક્ટ થઈ ગયું છે અને તેમની રકમ તેમના ખાતામાં પરત કરવામાં આવશે. જ્યારે નાનાવેલાવાળાએ પોતાનું પેમેન્ટ કેમ રિજેક્ટ થયું તેનું કારણ જાણવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેમના મેઈલ અને કોલ્સનો જવાબ મળ્યો ન હતો. જ્યારે થોડા દિવસો પછી પણ પેમેન્ટ પરત ન આવ્યું, ત્યારે નાનાવેલાવાળાએ લેન્કોક્સ+ક્રીસ જીએમબીએચ કંપનીના અધિકારીઓ સાથે વાત કરી હતી. જોકે, તેમણે કહ્યું હતું કે તેમને કોઈ જ પેમેન્ટ મળ્યું નથી. આ સાંભળીને નાનાવેલાવાળાને મોટો આઘાત લાગ્યો હતો. તેમને ખ્યાલ આવ્યો હતો કે તેમની સાથે છેતરપિંડી થઈ છે તેથી તેમણે સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ ડાયલ કરીને ફરિયાદ નોંધાવી હતી. આ અંગે એસીપી (સાયબર ક્રાઈમ) શ્વેતા ડેનિયલ્સે જણાવ્યું હતું કે, આ ખૂબ જ ગંભીર ગુનો હતો.

અમે આઈપીસી અને આઈટી એક્ટ હેઠળ ઠગ ટોળકી સામે ગુનો નોંધ્યો છે. અમે તપાસ કરી રહ્યા છીએ કે શું તેમણે મેઈલ કોમ્યુનિકેશન હેક કર્યું હતું કે કેમ. અમે એ પણ તપાસી રહ્યા છીએ કે કંપનીનો કોઈ કર્મચારી આમાં સામેલ છે કે નહીં. જો જરૂર પડશે તો અમે સંબંધિત વિદેશી દૂતાવાસોની મદદ લઈશું.

*મારી કારકિર્દીના સૌથી કઠીણ દોરથી થયો પસાર : રૂપાલા*

# મતદાન બાદ રૂપાલાએ બે હાથ જોડીને ફરીથી ક્ષત્રિય સમાજની માફી માંગી

પ્રતિનિધિ દ્વારા

રાજકોટ, તા.૮

ભૂલ મારી છે, બધાએ પ્રયાસ કર્યા હતા, પરંતુ તેનું નિમિત્ત બન્યો હું. મારે કહવું છે કે હુ માણસ છું. માણસ માત્ર ભૂલને પાત્ર. મેં તે વખતે પણ તરત જ માફી માગી હતી. મારા મનમાં કંઈ ન હતુ. આગળ જતા પણ સમાજની વચ્ચે પણ માફી માંગી હતી. હવે જ્યારે મતદાનની પ્રક્રિયા પૂરી થઈ છે, હવે મત અને રાજનીતિનો વિષય નથી, પરંતું હવે હું પરસોત્તમ રૂપાલા, ભાજપનો કાર્યકર્તા અને જાહેરજીવનનો કાર્યકર્તા તરીકે ક્ષત્રિય સમાજના જે લોકોની લાગણી દુભાઈ છે, અને માફી માંગી હતી, તેનો એક ભાવાર્થ એ પણ નીકળતો હતો કે, ચૂંટણી છે તો રસ્તો કાઢવાનો પ્રયાસ કર્યો છે.

આજે હું નમ્રતાપૂર્વક માફી માંગુ છું. સમગ્ર ક્ષત્રિય સમાજની માફી માગું છું, ક્ષત્રિય સમાજની માતૃશક્તિને પણ વિનંતી કરું છું, સમાજને કહુ છું,. અવદાર્ય એ ક્ષત્રિય સમાજનું ભૂષણ છે. હવે આજે રાજનીતિ પ્રેરિત મારુંનિવેદન નથી. હું આપ સૌને કહેવા માગું છું કે, આપણા દેશના વડાપ્રધાન મોદી સાહેબને પણ આ ઘટનાને કારણે સાંભળવું પડ્યું હશે. તેમને કંઈ પણ નાનુંમોટું થયું હશે તે મારા માટે પીડાદાયક બાબત છે. તેથી આપ સૌને નમ્રતાપૂર્વક, માફી માફીને પ્રસ્તુત કરીને ક્ષત્રિય સમાજને આહવાન કરવાના મતમાં છું, વિનંતી કરવાના મતમાં છું. કે રાષ્ટ્ર જ્યારે વિકસિત ભારતના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યુ છે ત્યારે મારી ભૂલને નિમિત્ત બનીને આખા સમાજને કોઈ પણ પ્રકારની અન્ય બાબતોથી સમાજ માટે કંઈક કહેવાનું મન થાય એવી બાબતોથી પર રહી, ક્ષત્રિય સમાજ રાષ્ટ્રના વિકાસની આ કેડીની અંદર અગ્રેસર ભૂમિકા ભજવવા આગળ વધે તેવી નમ્ર વિનંતી, નમ્ર અપીલ આપ સૌને છે. મારી આ ભૂલને કારણે સર્જાયેલા વમળોથી અમારા કેટલાક સાથીદારોને પણ સહન કરવાનું આવ્યું હશે. તો હું આ સૌની સામે દિલગીરી વ્યક્ત કરું છુ, ક્ષમા ચાહુ છું. તમને સૌને નમ્ર અનુરોધ છે કે તમ સૌએ જ રીતે સાથ આપ્યો છે તેની પ્રશંસા કરું છું. મિચ્છામી દુક્કડમ. આ શબ્દો છે કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા, જેમણે આજે ચોથીવાર ક્ષત્રિય સમાજની જાહેરમાં માફી માંગી છે. આ માફી એવા સમયે આવી છે, જ્યારે ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે મતદાન પૂરું થઈ ગયું છે અને ઓછું મતદાન થયું છે. ક્ષત્રિય સમાજના આંદોલનની ચૂંટણી પર કેવી અસર થઈ તે તો પરિણામથી જ ખબર પડશે, પરંતું ઓછું મતદાન બતાવે છે કે, આ આંદોલનની અસર રહી હશે. ગઈકાલે ગાંધીનગરમાં પણ અમિત શાહે ઓછા મતદાન બાદ રાતોરાત મીટિંગ કરીને નેતાઓ સાથે સમીક્ષા કરી હતી.

ગઈકાલે મતદાન બાદ પરસોત્તમ રૂપાલાએ રાજકોટવાસીઓનો આભાર વ્યક્ત કર્યો, સોશિયલ મીડિયામાં વીડિયો શેર કરીને આભાર માન્યો હતો. સાથે જ ચૂંટણી પંચ અને વહીવટી તંત્ર, આગેવાનો અને કાર્યકરોનો પણ આભાર માન્યો હતો. પરંતું મતદાનના બીજા દિવસે પરસોત્તમ રૂપાલાએ પ્રેસ કોન્ફરન્સ કરીને જાહેરમાં ક્ષત્રિયોની માફી માંગી હતી. પરસોત્તમ રૂપાલા લોકસભાની ચૂંટણી પછી ઉમેદવાર હળવા મૂડમાં જોવા મળ્યા હતા. રાજકોટ ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ મતદારોનો આભાર માન્યો હતો. તેઓએ લોકસભા ભાજપ કાર્યાલય ખાતે કાર્યકરો સાથે મુલાકાત કરી હતી. તેમણે નિખાલસ એકરાર કર્યો તે, ૪૦ વર્ષની કારકિર્દીમાં સૌથી કઠિન સમયમાંથી પસાર થયો. શાંતિથી મતદાન પૂર્ણ થયું. તેમણે કહ્યું કે, મારા એક નિવેદનથી આખી ચૂંટણીમાં વમળો સર્જાયા. મારાથી થયેલ ભૂલને કારણે ક્ષત્રિય સમાજ માટે નિમિત્ત બની. અમારી આખી પાર્ટીએ પણ સહન કરવું પડ્યું. મારા વક્તવ્ય પાર્ટી માટે એસેટ હતા, પણ હું ઉમેદવાર બન્યો અને મારા નિવેદનથી પાર્ટીને નુકસાન થયું. મારી ભૂલનો હું એકરાર કરું છું. મારી ભૂલની મેં ફોનમાં પણ વન ટુ વન માફી માંગી હતી. ક્ષત્રિય સમાજના લોકોની લાગણી દુભાઈ છે. ચૂંટણીમાં માફી માંગવી તેનો અર્થ બીજો પણ નીકળતો હોઈ તે સ્વભાવિક છે. આજે હું નમ્રતાપૂર્વક માફી માંગુ છું.

તેમણે આગળ કહ્યું કે, મતદાનના દિવસે સારામાં સારી વાત એ રહી કે શાંતિ પૂર્ણ માહોલમાં મતદાન થયું, ક્યાંય માથાકૂટ થઈ નથી. ક્ષત્રિય સમાજનો રોષ ઠારવા મારા કરતાં મારી પાર્ટીએ શાંત કરવાનો પ્રયાસ કર્યા છે. ઓછું મતદાન થાય કે વધારે તેનાથી ભાજપને અસર થાય તેવું નથી. બન્ને પક્ષને અસર થતી હોય છે. સ્પર્ધામાં થવી જરૂરી છે.

*વેશપલટો કરી પીછો કરી આરોપીને પકડયો*

# એક કરોડના ડ્રગ્સ મામલામાં સુરત SOGને મળી સફળતા

પ્રતિનિધિ દ્વારા

સુરત, તા.૮

૧ કરોડના ડ્રગ્સ મામલામાં SOGની મોટી સફળતા મળી છે. એક સપ્તાહ પહેલા પોલીસે મોટી માત્રામાં ડ્રગ્સનો જથ્થો પકડ્યો હતો. શહેરના લાલગેટ વિસ્તારમાં પોલીસે ૧ કરોડથી વધુનું હાઈપ્યોરિટી MD ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. પોલીસે બાતમીના આધારે કાર્યવાહી કરતા ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો. દરમ્યાન પોલીસને જોતા જ આરોપીઓ ભાગી છૂટયા હતા. સીસીટીવીમાં પણ આરોપીઓ ભાગતા હોવાનું કેદ થયું છે. જો કે પોલીસે ભાગેડુ આરોપીઓને પકડવા એડીચોટીનું જોર લગાવી દીધું હતું. અને અંતે પોલીસને સફળતા મળી અને આરોપીઓને ઝડપી પાડ્યા.

સપ્તાહ પહેલા જ પોલીસે શહેરના લાલગેટ વિસ્તારમાંથી ૧ કરોડનું ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. પોલીસને બાતમી મળી હતી કે લાલગેટ વિસ્તારમાં બે ઈસમો ડ્રગ્સની હેરાફેરી કરી રહ્યા છે. SOGએ બાતમીના આધારે ઘટના સ્થળ પર વોચ રાખી હતી. દરમ્યાન એક શખ્સ પોતાના મોપેડ પર પ્રતિબંધિત એમડી ડ્રગ લઈને નીકળ્યો હતો. જે શખ્સ દ્વારા આ ડ્રગ્સનો ઓર્ડર આપવામાં આવ્યો હતો તેને આપવા લઈ જવામાં આવતું હતું. દરમ્યાન પોલીસને જોતા જ બે શખ્સ ત્યાંથી ભાગી છૂટયા હતા. પોલીસે આ રેડમાં પ્રતિબંધિ ૧ કિલો એમડી ડ્રગ ઝડપી પાડ્યું હતું. આ ડ્રગની કિમંત આશરે ૧ કરોડ હોવાની માનવામાં આવે છે. ડ્રગ્સની હેરાફેરી કરનારા બંને શખ્સને પકડવા પોલીસે તાત્કાલિક કામગીરી હાથ ધરી હતી.

ભાગી છૂટેલા મોહમ્મદ કાસીફ ઉર્ફે પશીના અને શહેબાઝ શેખ નામના બે આરોપીમાંથી એસઓજી પોલીસે એકની ધરપકડ કરી છે. ૧ કરોડ ડ્રગ્સ મામલામાં પોલીસ તપાસમાં સામે આવ્યુ કે આ ડ્રગ્સ મોહમ્મદ કાસિફ શેખ નામના માણસે મંગાવ્યુ હતું. ડ્રગ્સ મંગાવનાર મોહમ્મદ કાસિફ મુંબઈ ગયો અને ત્યાંથી ઉત્તરપ્રદેશ ભાગી ગયો હતો. પોલીસે બાતમીના આધારે ફિલ્મી ઢબે આરોપીનો ૧૮૮કિમી પીછો કર્યો અને ઉત્તરપ્રદેશના લખનૌ સ્થિત દેવા શરીફ ખાતેથી વેશપલટો કરી ઝડપી પાડ્યો. ડ્રગ્સની હેરાફેરી કરનાર આરોપીઓને પકડવા SOGની ટીમે ફિલ્મી ઢબે કામગીરી કરી. પોલીસે વેશપલટો કરી બંને આરોપીઓને ઉત્તર પ્રદેશથી આરોપીઓને પકડી પાડ્યા.

ઉત્તરપ્રદેશથી રાજ્યમાં આરોપીઓને લાવવામાં આવ્યા છે. પોલીસ તેમની અટકાયત કરી ડ્રગ્સ મામલે વધુ પુછપરછ કરશે.

# અમિત શાહે કમલમમાં બેઠકોનો દોર ચલાવ્યો

પ્રતિનિધિ દ્વારા

ગાંધીનગર, તા.૮

ગુજરાતમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ૨૫ બેઠકો પર સરેરાશ ૫૯ ટકાના ઓછા મતદાનના લીધે રાજકીય પક્ષોમાં સોંપો પડી ગયો છે. આ સંજોગોમાં ભાજપ બધી બેઠકો પર પાંચ લાખથી વધુ લીડથી જીતે તેવી સંભાવના ઘટી ગઈ છે. આમ ગુજરાતમાં લગભગ દાયકા પછી લોકસભા ચૂંટણીમાં ૬૦ ટકા કરતાં ઓછું મતદાન થયું છે.

ગુજરાતમાં સૌથી વધુ મતદાન વલસાડમાં ૭૨ ટકા મતદાન થયુ હતુ. જ્યારે અમરેલીમાં માંડ ૪૯ ટકા મતદાન થયું હતું. ઓછા મતદાનના આંકડાના લીધે ગાંધીનગરમાં બેઠકોનો ધમધમાટ થવા લાગ્યો છે. સરકારની સાથે કમલમમાં પણ અમિત શાહે બેઠકોનો દોર હાથમાં લઈ લીધો છે. તેના લીધે તેમણે દિલ્હી જવાનું પણ ટાળ્યું હતું અને ગાંધીનગરમાં રાતોરાત બેઠકો લેવા માંડી હતી અને દરેક સીટની સુધ તેમણે રાતે જ લઈ લીધી હોવાનું કહેવાય છે તેની સાથે પરિણામની ચર્ચા કરી લીધી હોવાનું મનાય છે. તેને ધ્યાનમાં રાખતા હવે ભાજપ માટે પાંચ લાખની લીડ ભૂલી જવાનો વારો આવ્યો છે.

બપોરના ધીમા મતદાન પછી સાંજે મતદાન વધારે થાય તેવી સંભાવના હતી, પરંતુ તે પણ શક્ય બન્યું ન હતું. ક્ષત્રિય આંદોલનને લઈને ભાજપ આશ્વસ્ત છે, કારણ કે તેની અસર રાજ્યવ્યાપી નહીં પણ પરસોત્તમ રૂપાલાની બેઠક અને સૌરાષ્ટ્ર સુધી જ સીમિત છે અને સૌરાષ્ટ્રના અમુક વિસ્તારો પૂરતી જ સીમિત છે. સૌરાષ્ટ્રના કેટલાય વિસ્તારોમાં ઓછું મતદાન તેનો પુરાવો છે.જો કે સરેરાશ કરતાં ઓછા મતદાનના લીધે અમિત શાહે હવે મોટા આગેવાનો ઉપરાંત સ્થાનિક આગેવાનો અને કાર્યકરોને કમલમમાં મળવા માંડ્યું છે. તે બધા સાથે આખી રાત બેઠકોનો દોર ચાલ્યો હતો. તેઓ હવે દરેક બેઠકનો રિપોર્ટ તૈયાર કરીને વડાપ્રધાનને મળવા જશે તેમ મનાય છે.તેમણે આ ઉપરાંત કઈ બેઠકમાં કોંગ્રેસને કેટલો ફાયદો થશે અને ભાજપને ક્યાં ફાયદો અને ક્યાં નુકસાન થશે તેની સમીક્ષા કરવાનું શરૂ કરી દીધું છે. કાર્યકર્તાઓની નારાજગી અંગે પણ ચર્ચા કરવામાં આવી છે.

*ગુજરાતની હોટ બેઠકો પર મતદાન ઘટ્યું*

# ગુજરાતમાં ૨૦૧૯ની સરખામણીમાં પાંચ ટકા ઓછું મતદાન થયું

પ્રતિનિધિ દ્વારા

ગાંધીનગર, તા.૮

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં ગુજરાતની ૨૫ સીટો પર ૫૯.૫૧ ટકા મતદાન થયું છે. લોકસભાની ૨૫ બેઠકોમાં સૌથી વધુ મતદાન વલસાડ લોકસભા બેઠક પર જ્યારે સૌથી ઓછું મતદાન અમરેલી લોકસભા બેઠક પર નોંધાયું છે. સમગ્ર ગુજરાતમાં બનાસકાંઠા લોકસભા બેઠક એવી છે જ્યાં ૨૦૧૯ની સરખામણીમાં ૩.૭૬ ટકા વધુ મતદાન થયું છે. બનાસકાંઠામાં કુલ ૬૮.૪૪ મતદાન થયું હતું. ૨૦૧૯માં ૬૪.૬૮ ટકા મતદાન થયું હતું. ગુજરાતમાં લોકસભાની ચૂંટણી દરમિયાન ક્ષત્રિય આંદોલનનો દબદબો રહ્યો હતો. ક્ષત્રિય આંદોલનની સંકલન સમિતિએ દાવો કર્યો છે કે સમાજના ૮૦ ટકા લોકોએ મતદાન કર્યું છે. આવી સ્થિતિમાં ભાજપને સાત બેઠકો પર નુકસાન થઈ શકે છે, જોકે ભાજપને ફરી એકવાર વિશ્વાસ છે કે તે રાજ્યમાં ક્લીન સ્વીપની હેટ્રિક કરશે. ગુજરાતમાં ગત લોકસભા ચૂંટણીની સરખામણીમાં પાંચ ટકા ઓછું મતદાન થયું હતું. એક અંદાજ મુજબ ૧.૯૦ કરોડ ગુજરાતીઓએ મતદાન કર્યું નથી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગાંધીનગરથી ચૂંટણી લડવાના કારણે આ બેઠક ગુજરાતમાં ચર્ચામાં હતી. આ બેઠક પર ૫૮.૦૮ ટકા મતદાન થયું હતું જ્યારે રાજ્યના પ્રમુખ સી.આર.પાટીલની નવસારી બેઠક પર ૫૫.૭૯ ટકા મતદાન થયું હતું. ક્ષત્રિય વિવાદ બાદ ચર્ચામાં આવેલી રાજકોટ બેઠકમાં ૫૮.૨૮ ટકા મતદાન થયું છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાની પોરબંદર બેઠકમાં પણ ૫૧.૭૬ ટકા મતદાન થયું છે. પોરબંદરમાં કોંગ્રેસે મનસુખ માંડવિયા સામે સ્થાનિક નેતા લલિત વસોયાને મેદાનમાં ઉતાર્યા હતા. માંડવીયા ગુજરાતના ભાવનગરના છે.ગુજરાતમાં માત્ર બે જ લોકસભા બેઠકો એવી હતી કે જ્યાં વોટ ટકાવારી વધુ હતી. આદિવાસી પ્રભુત્વ ધરાવતી વલસાડ લોકસભા બેઠકને સમગ્ર રાજ્યમાં સૌથી વધુ મત મળ્યા હતા. અહીં ૭૨.૨૪% મતદાન થયું હતું. આ બેઠક પર કોંગ્રેસના ધારાસભ્ય અનંત પટેલ અને ભાજપના ઉમેદવાર ધવલ પટેલ વચ્ચે જંગ છે. આ બેઠક પર કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ બેઠક યોજી હતી. બનાસકાંઠા એ ગુજરાતની બેઠક રહી છે જે મતદાનની ટકાવારીમાં બીજા ક્રમે છે. ગુજરાતમાં આ એકમાત્ર બેઠક હતી. જ્યાં કોંગ્રેસ કે ભાજપે મહિલાઓને મેદાનમાં ઉતાર્યા ન હતા. કોંગ્રેસના ગેનીબેન ઠાકોર અને ભાજપના રેખાબેન ચૌધરી વચ્ચેની ટક્કરને કારણે ચર્ચામાં આવેલી આ બેઠક પર પીએમ મોદી અને પ્રિયંકા ગાંધી બંનેએ રેલીઓ યોજી હતી. આ બેઠક પર કુલ ૬૮.૪૪ મત પડ્યા હતા. જે ૨૦૧૯ કરતાં ૩.૭૬ ટકા વધુ છે. આવી સ્થિતિમાં આ બેઠક પર ભાજપની જીત માટે નિશ્ચિત છે ત્યારે કોંગ્રેસ ઉલટફેરની આશા સેવી રહી છે.ક્ષત્રિય આંદોલન અને ઉમેદવારો સાથેના જ્ઞાતિના સમીકરણોને કારણે ગુજરાતની લગભગ સાત બેઠકો પર ભાજપ અને ઈન્ડિયા ગઠબંધન વચ્ચે કાંટાની ટક્કર છેજેમાં આણંદ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, જામનગર, સુરેન્દ્રનગરની બેઠકો પર લીડ મહત્વની રહેશે. આ ઉપરાંત ભરૂચ, પોરબંદર અને વલસાડની બેઠકો પર જે પણ જીતશે એમાં લીડ ઓછી રહેશે. ૨૦૧૪ અને ૨૦૧૯માં ભાજપે ગુજરાતમાં ક્લીન સ્વીપ કર્યું હતું. જો ભાજપ ફરીથી તમામ ૨૫ બેઠકો જીતે છે તો તે ક્લીન સ્વીપની હેટ્રિક હશે. કોંગ્રેસને રાજ્યમાંથી લોકસભામાં પરત ફરવાનો પડકાર છે. ૨૦૦૯માં કોંગ્રેસને ૧૧ અને ભાજપને ૧૫ બેઠકો મળી હતી.

*વિદ્યાર્થીઓમાં કૌશલ્યથી ખીલે તેવી પ્રવૃત્તિ કરાવાઈ*

# સુરતમાં શિક્ષણ સમિતિની શાળામાં સમર કેમ્પનું આયોજન

## મંદિર , ફાયર સ્ટેશન જેવા સ્થળોની મુલાકાત કરાવી

પ્રતિનિધિ દ્વારા

સુરત, તા.૮

ઉનાળાનું વેકેશન શરૂ થાય ત્યારે બાળકોને સમર કેમ્પમાં મોકલવામાં આવતા હોય છે જ્યાં બાળકોનું કૌશલ્ય ખીલે તેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવતી હોય છે ત્યારે સુરતમાં મહાનગરપાલિકા શિક્ષણ સમિતિની શાળા દ્વારા ખાસ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉનાળાનું વેકેશન શરૂ થાય ત્યારે વિવિધ સંસ્થાઓ દ્વારા મોંઘી ફી લઈને સમર કેમ્પનું આયોજન થાય છે પરંતુ પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સ્કૂલો દ્વારા વિદ્યાર્થીઓમાં કૌશલ્ય ખીલે તે માટે તેમની ઉંમર પ્રમાણે વિવિધ પ્રવૃત્તિઓ શીખવવામાં આવી રહી છે.

આ સમર કેમ્પ દરમિયાન સમિતિની શાળાના વિદ્યાર્થીઓને ફાયર સ્ટેશન, મંદિરની મુલાકાત સાથે એક્વેરિયમની મુલાકાત કરાવવા સાથે સાથે વિવિધ પ્રવૃત્તિઓ પણ શીખવવામાં આવી હતી. પાલિકાની શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ વેકેશનમાં પણ ઉપયોગી બને તે માટે પાલિકા સંચાલિત અડાજણની કંચનલાલ મામાવાળા પ્રાથમિક શાળામાં સમર કેમ્પનું આયોજન કરવામા આવ્યું છે.

આ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં સર્વાંગી વિકાસ અને એમનામાં રહેલી કલાને બહાર આવે અને શિક્ષણનો ભાર વિના શીખે નવી શિક્ષણ નીતિ એટલે પ્રવૃત્તિ સભર શિક્ષણ જેમાં બાળકો આનંદની અનુભૂતિ મેળવી અને પોતાની આવડતને બહાર લાવે તે હેતુથી સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શાળામાં ૩ થી ૮ મે દરમિયાન સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું તે અંગે માહિતી આપતા ફાલ્ગુની પટેલે જણાવ્યું હતું કે, આખું વર્ષ પુસ્તકનું જ્ઞાન પ્રાપ્ત કરે પણ સમર કેમ્પમાં થતી પ્રવૃત્તિ બાળકની વિચાર શક્તિ વિકાસ કરે છે અને સાથે તેને કઈ પ્રવૃત્તિ આનંદ કરીને પોતાના મનને પ્રફુલ્લિત કરે જેનાથી માનસિક તાણ નથી અનુભવતા અને બાળક મોબાઈલ થી દુર રહે તેવા આશયથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

પહેલા દિવસે કવીલીન વર્ક કરાવેલ જેમાં આપેલ પટ્ટીની કવીલ કરી અલગ અલગ આકાર થી ગોઠવણી કરી પોતાની પ્રવૃત્તિ કરવામાં આવી આ સમર કેમ્પમાં નાના બાલવાડી થી લઈ ધોરણ ૮ સુધીના બાળકો હતાં. એમના ગ્રુપ પણએ રીતે બનાવેલા કે જેમાં બાળવાડીનું બાળક પણ હોય અને ધોરણ ૮ના વિદ્યાર્થીઓ હોય જેથી મોટા નાનાને સમજે અને ધીરજ કેળવે પોતાની અને નાના મોટાનો આદર કરી માન કરતા શીખે તેવો હેતુ છે. ત્યારબાદ બીજા દિવસે માટીના વાસણો પર કરાવેલ પેઈન્ટિંગ વર્ક જેમાં ખૂબ સરસ રીતે વાત મર્યાદા મુજબની કામગીરી કરવામાં આવી હતી.

આવા પ્રકારની પ્રવૃત્તિ સાથે સાથે બાળકોને આનંદ મળે તથા વ્યવહારુજ્ઞાન મળે તે માટે બાળકોને ફાયર સ્ટેશન, શિવ મંદિર, રામજી મંદિર, બીલીના વૃક્ષ, પીપળાના વૃક્ષનું મહત્વ સમજાવ્યા બાદ બાળકોને એક્વેરિયમની મુલાકાત લેવડાવ્યા બાદ બાળકોને ચાની લારી પર ચાની ચુસ્કીની મજા પણ માણવા દેવામાં આવી હતી. આ સમર કેમ્પ દરમિયાન તમામ દિવસ કઈ અલગ અલગ આપવામાં આવેલ છે જે ખાઈને મજા માણે અને પ્રવૃત્તિનો તમામ ખર્ચ શિક્ષક દ્વારા જ કરવામાં આવ્યો હતો, જેમાં ૭૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો.